RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 194* Date: 12.05.2022 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજદ્રોહના કાયદા પર સુપ્રીમ કોર્ટ કડક

# પુનર્વિચાર પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી નવા કેસ નોંધવા નહીં

**ભારતમાં સરકાર વિરુદ્ધ નફરત, તિરસ્કાર, અસંતોષ ફેલાવવો એ ગુનો ગણવામાં આવે છે,કોર્ટે કહ્યું, રાજદ્રોહના કાયદાનો દુરુપયોગ થઈ રહ્યો છે**



નવીદિલ્હી,તા.૧૧

કેન્દ્ર સરકારે બુધવારે રાજદ્રોહ કાયદા પર સુપ્રીમ કોર્ટમાં જવાબ દાખલ કર્યો હતો. આ પછી સુપ્રીમ કોર્ટે ફરીથી કેન્દ્ર સરકારને આઈપીસીની કલમ ૧૨૪એની જોગવાઈઓ પર પુનર્વિચાર કરવાની મંજૂરી આપી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે જ્યાં સુધી રિએક્ઝામિનેશન પ્રક્રિયા પૂર્ણ નહીં થાય ત્યાં સુધી ૧૨૪એ હેઠળ કોઈ કેસ નોંધવામાં આવશે નહીં. અગાઉ, સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે આઈપીસીની કલમ ૧૨૪એ પર પ્રતિબંધ ન મૂકવો જોઈએ. તેમણે એ પ્રસ્તાવ મૂક્યો હતો કે ભવિષ્યમાં આ કાયદા હેઠળ, પોલીસ અધીક્ષકની તપાસ અને સંમતિ પછી જ એફઆઈઆર નોંધવી જોઈએ.

કેન્દ્રએ કહ્યું હતું કે જ્યાં સુધી પેન્ડિંગ કેસોનો સંબંધ છે, સંબંધિત અદાલતોને આરોપીઓના જામીન પર ઝડપથી વિચાર કરવાનો નિર્દેશ આપવામાં આવી શકે છે. નોંધનીય બાબત એ છે કે રાજદ્રોહના કેસમાં કલમ ૧૨૪છ સંબંધિત ૧૦થી વધુ અરજીઓને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી છે. કેન્દ્રએ કહ્યું હતું કે ગુનાની નોંધણીને રોકી શકાય નહીં. કાયદાની અસર પર રોક લગાવવી યોગ્ય નથી, તેથી તપાસ માટે જવાબદાર અધિકારી હોવા જોઈએ, જેનો સંતોષ ન્યાયિક સમીક્ષાને આધીન છે.

એસજી તુષાર મહેતાએ જણાવ્યું હતું કે પેન્ડિંગ રાજદ્રોહના કેસોની ગંભીરતા જાણી શકાતી નથી. સંભવતઃ આમાં આતંકવાદી અથવા મની લોન્ડરિંગના એંગલ હોય છે. જે કોર્ટમાં પેન્ડિંગ છે અને આપણે એના ચુકાદાની રાહ જોવી જોઈએ. બંધારણીય બેંચ દ્વારા માન્ય રાખવામાં આવેલી રાજદ્રોહની જોગવાઈઓ પર સ્ટે આપવાનો આદેશ આપવો એ યોગ્ય માર્ગ નથી. મંગળવારે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે શું આ કાયદા હેઠળ નવા કેસ નોંધવામાં આવશે કે નહીં? કોર્ટે એમ પણ પૂછ્યું હતું- દેશમાં અત્યારસુધી આઈપીસી ૧૨૪-એ એક્ટ હેઠળ કેસ છે એનું શું થશે? તેઓ રાજ્ય સરકારોને કેમ સૂચના આપતા નથી કે આ કાયદા અંગે પુનર્વિચાર પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી ૧૨૪છ હેઠળના કેસ સ્થગિત રાખવા જોઈએ.

તમામ દલીલો સાંભળ્યા બાદ કોર્ટે રાજદ્રોહ કાયદાના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધો છે. કોર્ટે કહ્યું હતું કે નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવું સર્વોપરિ છે. આ કાયદાનો દુરુપયોગ થઈ રહ્યો છે. એટર્ની જનરલે પણ પોતાના અભિપ્રાયમાં આ વાતની સ્પષ્ટ પુષ્ટિ કરી છે. કોર્ટે કહ્યું હતું કે કોની સામે રાજદ્રોહના આરોપમાં ટ્રાયલ ચાલી રહી છે અને તે આ આરોપમાં જેલમાં છે, તે યોગ્ય કોર્ટમાં જામીન માટે અરજી કરી શકે છે, કારણ કે કેન્દ્ર સરકારે આ કાયદા પર પુનર્વિચાર કરવા કહ્યું છે, તેથી કોર્ટે કહ્યું છે કે જ્યાં સુધી પુનર્વિચાર નહીં થાય ત્યાં સુધી આ કાયદા હેઠળ કોઈ કેસ નોંધાશે નહીં. ઉપરાંત પેન્ડિંગ કેસોમાં કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં.સુપ્રીમ કોર્ટમાં સરકારી વકીલનો પક્ષ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રજૂ કર્યો. તેમણે કહ્યું કે એસપી કે તેની ઉપરના રેંકવાળા અધિકારીને રાજદ્રોહના આરોપમાં નોંધાયેલી એફઆઈઆરની નિગરાણી કરવાની જવાબદારી સોંપી શકાય. રાજદ્રોહના આરોપમાં એફઆઈઆર નોંધવાનું બંધ કરી શકાય નહીં. કારણ કે આ જોગવાઈ એક ગંભીર ગુના સંબંધિત છે અને ૧૯૬૨માં એક બંધારણીય બેન્ચે તેને યથાવત રાખી હતી.

રાજદ્રોહની અરજી દાખલ કરનારાઓમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી અરુણ શૌરી, મણિપુરના પત્રકાર કિશોરચંદ્ર વાંગખેમચા, છત્તીસગઢના કન્હૈયાલાલ શુક્લાનો સમાવેશ થાય છે. આ કાયદામાં બિનજામીનપાત્ર જોગવાઈઓ છે, એટલે કે ભારતમાં કાયદા દ્વારા સ્થાપિત સરકાર વિરુદ્ધ નફરત, તિરસ્કાર, અસંતોષ ફેલાવવો એ ગુનો ગણવામાં આવે છે. આરોપીને સજા તરીકે આજીવન કેદ થઈ શકે છે. અહીં હવે સવાલ એ થાય કે શું રાજદ્રોહ કાયદા પર રોક લગાવવાથી એવા લોકો કે જેમના પર કેસ થયેલો છે તેઓ બહાર આવી જશે ખરા? કે તેમને રાહત મળશે? તો અહીં એ જાણવું જરૂરી છે કે સુપ્રીમ કોર્ટના આદેશનો એ અર્થ જરાય નથી કે હાલ જેલમાં બંધ આરોપીઓ છૂટી જશે. કારણ કે કોર્ટે કહ્યું છે કે રાજદ્રોહ કાયદો નિષ્પ્રભાવી રહેશે. સુપ્રીમ કોર્ટે આ મામલે સ્પષ્ટપણે કહ્યું છે કે આ આરોપીઓ વિરુદ્ધ કાયદાની અન્ય કલમો હેઠળ કાર્યવાહી ચાલુ રહેશે. તેઓ જામીન માટે કોર્ટનો દરવાજો ખખડાવી શકે છે. આથી હવે તેમનો જામીન પર છૂટકારો થશે કે નહીં તે તો તેઓ જે સંલગ્ન કોર્ટમાં અરજી કરે તેના પર નિર્ભર રહેશે.

અત્રે જણાવવાનું કે હાલ રાજદ્રોહના કેસમાં જેએનયુના પૂર્વ વિદ્યાર્થી નેતા ઉમર ખાલિદ, શરજીલ ઈમામ, હાર્દિક પટેલ અને નવનીત રાણા પર આ કલમ હેઠળ કેસ થયેલા છે. કોર્ટે નવા કેસ દાખલ કરવા પર રોક લગાવી છે પરંતુ આમ છતાં કેસ દાખલ થાય તો પણ તેનો રસ્તો કાઢવામાં આવ્યો છે. કોર્ટે કહ્યું કે જો આમ છતાં કેસ થાય તો આરોપી વ્યક્તિ સુપ્રીમ કોર્ટના આજના ઓર્ડરને લઈ નીચલી કોર્ટમાં જઈ શકે છે. સુપ્રીમ કોર્ટમાં દલીલો દરમિયાન જ્યારે જજ પૂછ્યું કે રાજદ્રોહના આરોપમાં કેટલા લોકો જેલમાં છે તો વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે ૧૩ હજાર લોકો જેલમાં છે. અહીં એ વસ્તુ ખાસ જાણવી જરૂરી છે કે સુપ્રીમ કોર્ટે આ કાયદાને સ્થગિત કર્યો છે આથી આ કાયદાની લીગલ વેલિડિટી પૂરી થઈ નથી. કાયદા પર પુર્નવિચાર માટે સરકાર પાસે જુલાઈના ત્રીજા અઠવાડિયા સુધી સમય છે.

**દિલ્હી અને હરિયાણામાં છેલ્લા બેથી ત્રણ અઠવાડિયામાં નજીવો વધારો થયો હતો પરંતુ વધારો સાતત્યપૂર્ણ રહ્યો નથી.**

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૮૯૭ નવા કેસ અને ૫૪ સંક્રમિતોના મોત

નવીદિલ્હી,તા.૧૧

ભારતમાં છેલ્લા થોડા દિવસોથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૮૯૭ નવા કેસ અને ૫૪ સંક્રમિતોના મોત થયા છે. મંગળવારે ૨૨૮૮ નવા કેસ અને ૧૦ સંક્રમિતોના મોત થયા હતા, જ્યારે ૩૦૪૪ લોકો સાજા થયા છે. સોમવારે ૩૨૦૭ નવા કેસ અને ૨૯ સંક્રમિતોના મોત થયા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧૯,૪૯૪ થઈ છે.

જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૪,૧૫૭ પર પહોંચ્યો છે. દેશમાં ૪,૨૫,૬૬,૯૩૫ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં અત્યાર સુધીમાં ૧૯૦,૬૭,૫૦,૬૩૭ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૪,૮૩,૮૭૮ ડોઝ આપવામાં આવ્યા હતા. દેશમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણ શરૂ થયું હતું. દેશમાં ફરી એકવાર કોરોનાના કેસ વધવા લાગ્યા છે. લોકો પહેલાથી જ ચોથી લહેરને લઈને ભયભીત છે. પ્રખ્યાત વાઈરોલોજિસ્ટ ડૉ. ટી જેકબ જાને તાજેતરમાં કહ્યું કે ભારતમાં કોરોનાની ચોથી લહેરની શક્યતા અત્યંત ઓછી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે કેટલાક રાજ્યોમાં કોરોનાના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. તેના પર વાઈરોલોજિસ્ટ જેકબ જાને કહ્યું કે દિલ્હી અને હરિયાણામાં છેલ્લા બે-ત્રણ સપ્તાહમાં કોરોના કેસની સંખ્યામાં થોડો વધારો થયો છે, પરંતુ આ વધારો સતત નથી થયો.

ડૉ જહોને કહ્યું કે મારી જાણકારી મુજબ કોઈ પણ રાજ્ય કોરોનાના કેસમાં વધારો નથી થઈ રહ્યો. માર્ચ અને એપ્રિલ દરમિયાન દેશમાં કોરોના કેસની સંખ્યા ઓછી અને પ્રમાણમાં સ્થિર રહી. દિલ્હી અને હરિયાણામાં છેલ્લા બેથી ત્રણ અઠવાડિયામાં નજીવો વધારો થયો હતો પરંતુ વધારો સાતત્યપૂર્ણ રહ્યો નથી. દિલ્હીમાં એક હજાર કેસ પ્રતિ વસ્તી માત્ર ૫ લાખ જેટલા છે. ડૉ. જહોને કહ્યું કે જો ચોથી લહેર આવશે તો તે મારા માટે આશ્ચર્યજનક હશે. તેથી હું તેના વિશે કંઈપણ અનુમાન કરી શકતો નથી. ચોથી લહેરની શક્યતા ઘણી ઓછી છે. કોરોના લહેરની ખરાબ અસરો સામે આપણો શ્રેષ્ઠ બચાવ રસીકરણ છે. સંપૂર્ણ રસીકરણનો અર્થ છે બે ડોઝ અને ઓછામાં ઓછા ૬ મહિના પછી પ્રિકોશન ડોઝ લેવો. તેમણે એમ પણ કહ્યું કે સંપૂર્ણ રસીકરણ તરીકે બે ડોઝનું સત્તાવાર સંસ્કરણ અવૈજ્ઞાનિક છે. કોરોનાના કેસોને રોકવા અને ટાળવા માટે બીજું શું કરવું જોઈએ તેના પર વાઈરોલોજિસ્ટે કહ્યું કે માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું વધતા જતા કેસ વચ્ચે શાળાઓ બંધ કરવી જોઈએ, ત્યારે ડો જહોને કહ્યું કે શાળાઓ બિલકુલ બંધ કરવી જોઈએ નહીં. શાળાઓ ખુલ્લી રાખવી જોઈએ.

દેશમાં કોરોના વાયરસનો નવો વેરિઅન્ટ છે કે કેમ તેના પર વાઈરોલોજિસ્ટે પ્રતિક્રિયા આપતા કહ્યું કે જ્યાં જ્યાં કોરોનાના કેસમાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે ત્યાં કેસમાં પણ ઘટાડો થયો છે. કોરોનાના કેસમાં વધારો જરાય ટકી રહ્યો નથી. તેથી મને નથી લાગતું કે કોઈ નવા પ્રકાર સામેલ છે. જો કે, વેરિયન્ટ સ્ક્રીનીંગ ચાલુ રાખવું જોઈએ, જેથી કરીને કોરોના વાયરસ આપણને ફરીથી આશ્ચર્યમાં ન નાખે.

### પોખરણ પરમાણુ પરીક્ષણ વર્ષગાંઠ

## વડાપ્રધાન મોદીએ વીડિયો શેર કરી અટલ બિહારી વાજપેયીના સાહસને બિરદાવ્યું

નવીદિલ્હી,તા.૧૧

પોખરણ પરમાણુ પરીક્ષણની વર્ષગાંઠ પર ઉજવવામાં આવતા નેશનલ ટેકનોલોજી દિવસ પર બુધવારે પ્રધાનમંત્રી મોદીએ દેશના વૈજ્ઞાનિકો અને તેમના પ્રયાસોના ખૂબ વખાણ કર્યા હતા.

તેમણે આ અવસરે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને પણ યાદ કર્યા હતા. તથા તેમના રાજકીય સાહસોના પણ ભરપૂર વખાણ કર્યા હતા. મોદીએ ટ્વિટ કરીને કહ્યું કે, રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ પર આજે અમે આપણા પ્રતિભાશાળી વૈજ્ઞાનિકો અને તેમના પ્રયત્નો પ્રત્યે આભાર વ્યક્ત કર્યો છે. તેમના પ્રયત્નોથી ૧૯૯૮માં આપણે પરમાણુ પરીક્ષણમાં સફળતા પ્રાપ્ત થઈ છે.

પીએમ મોદીએ પોતાના ટ્વિટમાં એવું પણ કહ્યું હતું કે, આપણે અટલજીના કુશળ નેતૃત્વને પણ ગર્વ સાથે યાદ કરીએ છીએ, જેમણે ઉત્કૃષ્ટ રાજકીય સાહસ અને રાજકીય કૌશલનો પરિચય આપ્યો હતો. પ્રધાનમંત્રીએ પોતાના ટ્વિટની સાથે એક વીડિયો પણ શેર કર્યો હતો. આ વીડિયો ક્લિપમાં અટલ બિહાર વાજપેયી પોખરણ પરમાણુ પરીક્ષણની જાહેરાત કરતા નજરે પડે છે. વીડિયોમાં નરેન્દ્ર મોદીનો અવાજ સંભળાય છે. જેમાં પોખરણ પરમાણુ પરીક્ષણનો ઉલ્લેખ કીર રહ્યા છે. ત્યાર બાદ અટલ બિહાર વાજપેયી જણાવે છે કે, ભારત પરમાણુ હથિયારોનો ઉપયોગ સૌથી પેહલા નહીં કરે. આપને જણાવી દઈએ કે, તે સમયે અટલ બિહારી વાજપેયીએ કહ્યું હતું કે, એટમી હથિયારો ઉપયોગ રક્ષણ માટે પણ થઈ શકે છે.ભારતના વૈજ્ઞાનિકોની કુશળતા અને ટેકનિકલ પ્રગતીને ચિન્હીત કરવા માટે ૧૯૯૯ની ૧૧ મેના દિવસથી રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે મનાવામાં આવે છે. વર્ષ ૧૯૯૮માં આજના દિવસે ભારતે વાજપેયીજીના નેતૃત્વમાં પોખરણમાં પાંચ પરમાણુ પરીક્ષણમાંથી પહેલુ પરીક્ષણ કર્યું હતું. ભારત આ પરીક્ષણ કરીને પરમાણુ સંપન્ન દેશોમાં સામેલ થનારો આઠમો દેશ બન્યો હતો. ભારતે આજના દિવસે સ્વદેશ નિર્મિત હંસ-૩ વિમાન અને નાની રેંજની મિસાઈલ ત્રિશૂલનું પણ સફળ પરીક્ષણ કર્યું હતું. જે દેશ માટે એક કીર્તિમાન સાબિત થયું છે. આ પરીક્ષણોથી ભારતે સમગ્ર વિશ્વમાં પોતાની શક્તિનો પરચો આપ્યો હતો.

## હિંમત હોય તો તાજ મહેલને મંદિર બનાવીને બતાવો : મહેબુબા મુફતી

શ્રીનગર,તા.૧૧

આગ્રામાં તાજમહેલને લઈને વિવાદ વધી રહ્યો છે. હવે આ વિવાદમાં જમ્મુ-કાશ્મીરના પૂર્વ સીએમ મહેબૂબા મુફ્તી પણ કૂદી પડ્યા છે. તેમણે ભાજપ સરકાર અને હિન્દુ સંગઠનોને ચેતવણી આપી છે કે "જો તમારામાં હિંમત હોય તો તાજમહેલને મંદિર બનાવીને બતાવો."

પૂર્વ સીએમએ સરકાર પર આરોપ લગાવ્યો કે લોકોનું ધ્યાન ભટકાવવા માટે જ આવા તમામ વિવાદો ઉભા કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે લોકોને ગેરમાર્ગે દોરવા માટે તેમને મુસ્લિમોની પાછળ મૂકવામાં આવ્યા છે. દેશનું નાણું લૂંટીને વિદેશ ભાગી ગયેલા લોકોને પકડવાને બદલે તેઓ મુઘલો દ્વારા બાંધવામાં આવેલી દરેક જગ્યાનો વિરોધ કરવા માગે છે.

બીજેપી નેતા રજનીશે અલ્હાબાદ હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને દાવો કર્યો છે કે તાજમહેલ વાસ્તવમાં તેજો મહેલ છે. તેણે તાજમહેલના ભોંયરાના ૨૨ રૂમ ખોલવાની માંગ કરી છે. આ વિવાદને લઈને તેમણે ચેતવણી આપી છે કે આ લોકોને તાજમહેલ કે લાલ કિલ્લાના બદલે મંદિર બનાવીને બતાવવું જોઈએ

પત્રકારો સાથે વાત કરતા મહેબૂબા મુફ્તીએ કહ્યું છે કે જો તેમની પાસે સત્તા છે તો તાજમહેલ, લાલ કિલ્લાને મંદિર તરીકે બતાવો, તો ચાલો જોઈએ કે દુનિયાના કેટલા લોકો આ દેશને જોવા અહીં આવશે. તેમણે વધુમાં કહ્યું કે જે વસ્તુઓ મુઘલોના સમયમાં રહી ગઈ હતી, જેમ કે તાજમહેલ, મસ્જિદ, કિલ્લા, તેઓ તેને બગાડવા માંગે છે, તેમની પાછળ પડેલી છે. આનાથી કશું પ્રાપ્ત થશે નહીં.

## કોરોના રિટર્નઃ હવે માસ્ક વગર રેલમાં મુસાફરી કરી શકાશે નહીં

નવીદિલ્હી,તા.૧૧

રેલ મુસાફરીમાં કોરોના પ્રોટોકોલની ફરીથી વાપસી થઈ છે. કોરોના સંક્રમણ વધતા રેલ્વે મુસાફરોએ હવે ટ્રેનમાં મુસાફરી કરતી વખતે માસ્ક લગાવવું ફરજિયાત કરી દીધું છે.

રેલ્વે બોર્ડના કાર્યકારી ડાયરેક્ટર નીરજ શર્માએ પોતાના તમામ ઝઓનના ચીફ કોમર્શિયલ મેનેજરને પત્ર લખીને બોર્ડના નિર્દેશથી વાકેફ કરાવ્યા હતા. પત્રમાં કહેવાયુ છે કે, ટ્રેનમાં મુસાફરી દરમિયાન માસ્ક લગાવવું ફરજિયાત છે. કોવિડ પ્રોટોકોલનું પાલન કરવામા આવે.

રેલ્વેએ કહ્યું છે કે, કેન્દ્રીય ગૃહમંત્રાલય અને સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા કોવિડને લઈને એસઓપી ૨૨ માર્ચમાં જાહેર કરવામા આવી હતી, તેનું પાલન કરવામાં આવે. એટલુ જ નહીં જો મુસાફર માસ્ક વગર મુસાફરી કરતા જોવા મળશે, આ મુસાફરો પર દંડ ફટકારવામાં આવશે. લોકોને માસ્ક લગાવી રાખવા કહેવામાં આવ્યું છે. રેલ્વે બોર્ડે તમામ ટ્રેન અને સ્ટેશન પરિસરમાં મુસાફરોને માસ્ક લગાવાનું ફરજિયાત કર્યું છે.

કોરોનાના કેસો ઓછા થયા બાદ રેલ્વેએ માસ્કની અનિવાર્યતા હટાવી દીધી હતી. જે બાદ રેલ્વેમાં મુસાફરો માસ્ક વગર જઈ શકતા હતા. તો વળી માસ્ક ઉપરાંત રેલ્વેમાં પહેલાની માફક પેન્ટ્રી અને બેડિંગ આપવાનો પણ નિર્ણય લીધો હતો.

## મોદીના ૨૦ વર્ષના રાજકીય જીવન પર પુસ્તક વિમોચન,ઉપરાષ્ટ્રપતિ અને ગૃહમંત્રી કાર્યક્રમમાં જોડાયા

નવીદિલ્હી,તા.૧૧

પ્રધાનમંત્રી મોદી સત્તામાં આવ્યાને આજે ૨૦ વર્ષ પુરા થયા છે. આ અવસરે દિલ્હીમાં આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન પર લખેલા પુસ્તક ' મોદીજ૨૦ ડ્રીમ્સ મીટ ડિલીવરી'નું વિમોચન કરવામાં આવ્યું હતું. દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આ કાર્યક્રમમાં પુસ્તકનું વિમોચન ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગૃહમંત્રી અમિત શાહ અને એસ જયશંકર પણ હાજર રહ્યા હતા. અહીં અમિત શાહે કહ્યું કે, પ્રધાનમંત્રી મોદીએ ૮ વર્ષમાં નીતિ કેવી રીતે નિર્ધારિત થઈ શકે, તેના માટે દુનિયાની સામે સંશોધન માટે ઢગલાબંધ સામગ્રી ધરી દીધી છે.પુસ્તક વિમોચન કાર્યક્રમમાં અમિત શાહે કહ્યું કે, છેલ્લા ૨૦ વર્ષોમાં કેટલાય લોકોએ તેમનું મૂલ્યાંકન કર્યું છે. તેમણે ક્યારેક નગર નિગમની ચૂંટણી નથી લડી. મોદીજીની આ યોજનાઓ કેટલાય વિશ્લેષણ હોઈ શકે છે. તેમણે ગુજરાત કૃષિ મહોત્સવ દેખાડ્યો છે કે, કેવી રીતે જવાબદાર બની શકાય છે. મોદીજી ગુજરાતમાં શિક્ષણને બદલી નાખ્યું છે, તેમણે કહ્યું કે, નરેન્દ્ર મોદીજીના ૨૦ વર્ષનો અનુભવ જ્યા સુધી તેના ૩૦ વર્ષ પહેલાનું અધ્યયન ન કરીએ ત્યાં સુધી અધૂરુ રહી જશે.

## તંત્રી સ્થાનેથી...


# દબાણોનો બચાવ




**દેશની રાજધાની દિલ્હીમાં ફરી એક વખત દબાણ વિરોધી કાર્યવાહી હંગામો, તમાશા અને વિવાદનું કારણ બની. જોકે એ સારું થયું કે આ વખતે સર્વોચ્ચ ન્યાયાલયે હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કરી દીધો અને સાથે જ અરજી કરનાર પાર્ટી માકપાની ઝાટકણી પણ કાઢી. ગઈ વખતે તેણે સીધો જ દબાણ કાર્યવાહી અટકાવવાનો ચુકાદો આપી દીધો હતો. જ્યારે દિલ્હીના જ એક અન્ય વિસ્તાર જહાંગીરપુરીમાં દબાણ વિરોધી અભિયાન ચલાવવામાં આવ્યું હતું ત્યારે પણ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવવાનું કામ રાજકીય એજન્ડા ધરાવતા અને ખાસ વોટબેંકને રાજી કરવા માંગતા લોકોએ કર્યું હતું. જોકે ત્યારે સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું હતું કે બીજે ક્યાંય પણ દબાણ વિરોધી કાર્યવાહી પર તે રોક નથી લગાવી રહી. સ્પષ્ટ છે કે કેટલાક લોકોએ સાચો સંદેશ ગ્રહણ કરવાનો ઇનકાર કર્યો. એવા જ લોકો ગત રોજ શાહીન બાગ વિસ્તારમાં દબાણ વિરોધી કાર્યવાહી શરૂ થતાં જ સુપ્રીમ કોર્ટમાં દોડી ગયા. માકપાના વકીલે જે રીતે સુપ્રીમ કોર્ટમાં પહોંચીને દબાણ વિરોધી કાર્યવાહી રોકવાની જરૂરિયાત જણાવી તેનાથી એટલું જ સ્પષ્ટ થાય છે કે આ પ્રકારના કેટલાક રાજકીય પક્ષો દબાણ અને ગેરકાયદે નિર્માણ કરનારાના હિતેચ્છુ છે અને તેમને આશ્રય પણ આપે છે. વાસ્તવમાં દબાણ અને ગેરકાયદે નિર્માણ રાજકીય પક્ષોના સહયોગ અને સમર્થનથી જ થાય છે.**

**સરકારી વિભાગો પણ રાજકીય કારણોસર અથવા ભ્રષ્ટાચારને કારણે દબાણ અને ગેરકાયદે નિર્માણો સામે આંખ આડા કાન કરે છે. આ કારણે જ દિલ્હીથી લઈને દેશના તમામ મુખ્ય શહેરોમાં દબાણ અને ગેરકાયદે નિર્માણે એક ગંભીર સમસ્યાનું રૂપ લઈ લીધું છે. તેને કારણે આપણાં શહેરો બદસૂરત થતાં ગયાં છે, બલ્કે પ્રદૂષણની સાથે સાથે અન્ય અનેક સમસ્યાઓને વધારવાનું કામ પણ કરી રહ્યાં છે. આ સમસ્યા એટલા માટે પણ બેલગામ થઈ ગઈ છે, કારણ કે કેટલીય વાર અદાલતો પણ દબાણ અને ગેરકાયદે નિર્માણ મામલે વિરોધાભાસી વલણ અખત્યાર કરે છે. ક્યારેક તે દબાણ વિરુદ્ધ કડક વલણ અપનાવે છે અને ક્યારેક દબાણ વિરોધી કાર્યવાહીથી પ્રભાવિત થનારા લોકોના પુનર્વાસને પ્રાથમિકતા આપવા લાગે છે. નિ:સંદેહ દબાણ વિરોધી કાર્યવાહી સુવિચારિત પ્રક્રિયા અંતર્ગત જ થવી જોઇએ, પરંતુ તેની સાથે જ સરકારી અને બિનસરકારી જમીનો પર દબાણ અને ગેરકાયદે નિર્માણ થતું અટકાવવું પણ જરૂરી છે. જેટલું જરૂરી એ છે કે દબાણનાં કારણોના મૂળમાં જઈને તેનું યોગ્ય રીતે નિવારણ કરવામાં આવે એટલું જ એ પણ છે કે દાબણની અવગણના કરવા અથવા તેને ઉત્તેજન આપનાર વિભાગો અને તેમના અધિકારીઓને જવાબદાર પણ બનાવવામાં આવે. જ્યાં સુધી એવું નહીં કરવામાં આવે ત્યાં સુધી દબાણ અને ગેરકાયદે નિર્માણનો સિલસિલો અટકવાનો નથી. વિચિત્ર વાત એ છે કે એક તરફ જ્યારે-ત્યારે દબાણ વિરોધી કાર્યવાહી થાય છે ત્યારે બીજી તરફ દબાણ દ્વારા બનેલી વસ્તીઓને કેટલીય વખત નિયમિત પણ કરી દેવામાં આવે છે.**

# અજવાસ થોડો જોતરી લઈએ .......



ગુજરાતી ગઝલના દોઢસો વરસના ઈતિહાસમાં અત્યારે જેટલી કવયિત્રીઓ સર્જનરત છે, એટલી પહેલાં ક્યારેય નહોતી. એ તમામ મોખરાની કવિયત્રીઓમાં આદરપૂર્વક લઈ શકાય એવું એક નામ સુશ્રી. પારુલ બારોટનું છે. આ ક્ષણે એમના કાવ્યસંગ્રહની હસ્તપ્રત મારા હાથમાં છે. કવિમાત્ર કયા પ્રકારનો પરિશ્રમ

કરે છે એની વાત એક મત્લામાં એમણે સુપેરે કરી દીધી છે. ચાલ આ અંધાર આખો ખોતરી લઈએ,

એ પછી અજવાસ થોડો જોતરી લઈએ. તમસથી જ્યોતિ તરફ જવાની આ વેદોક્ત ભાવના ગઝલના સ્વાંગમાં કેવી દીપી ઊઠે છે! એમના બીજા એક મત્લામાં કવિતાના બીજા એક ગુણધર્મ વિશેનું સત્ય કાવ્યાત્મક રીતે ઉજાગર થયું છે.

વાત મે બેચાર જ્યાં અંગત કરી દીધી, વેદનાની સાથ મે સંગત કરી દીધી.

આમ તો કવિતા એ અંગત વાત જ છે, પણ એમાં અંગતતા ઓગાળીનેસ્વથી સર્વ તરફની ગતિ કરવાની છે જેથી વેદના સંગત ધીમે ધીમે સંવેદનાની સંગત બની જાય. કવિતાનું મૂળ ભલે વેદના હોય પણ કવિતાની સાચી ઉપલબ્ધિ સંવેદના છે.

ઉર્દૂ પરંપરામાં જેમનું પુસ્તક પ્રગટ થાય એને સાહિબે-દીવાન કવિ કહેવાય. આમ તો કોઈપણ ભાષામાં સંગ્રહનું પ્રાગટ્ય કવિને માટે મુગટ ધારણ કરવા જેવી, સિહાસન પર આરૂઢ થવા જેવી ઘટના છે. પણ આજે ગ્રંથસ્થ થયેલાં યશસ્વી કવયિત્રી પારુલ બારોટ તો આજના દિવસે પણ એમનો આ જ શેર ઉચ્ચાર... ભોંયને ના ભૂલશો સૂતા હતા જ્યાં કો'ક દિ,

આજ સિહાસન મળ્યું તો ઝૂમવું સારું નથી. ખુદ કવિના ઝૂમતા શબ્દો આપના હાથમાં છે ત્યારે મારી વિશ્લેષક વાણીને વિરામ આપું કેમ કે ખુદ કવિયત્રી એમ કહે છે... કે

શબ્દ મારા, અર્થ મારા, છે બધાયે શાશ્વતી, તું વખાણોનાં પડળ ઓઢાડવાનું બંધ કર.

એક સિદ્ધ સર્જકનું પ્રકાશન અને પ્રસિદ્ધિના માર્ગ પરનું આ પ્રસ્થાન સાબૂતકદમ નીવડે એવી શુભેચ્છામાં આપણે સહુ સાહિત્યપ્રેમીઓ જોડાઈએ.

સુરત .પ. જુલાઈ ૨૦૨૧

ઈશ મનીઆર

-----------------------------

પળે પળને ઓઢી લેતી ગઝલો પારુલ બારોટની આ ગઝલ સંગ્રહની ગઝલોમાંથી પસાર થતો હતો. અને ગઝલની એક રદીફે ધ્યાન ખેંચ્યું, અટકાવ્યો. અને પારુલબેનની ગઝલોના ગજાનો પરિચય આપ્યો. આ ગઝલોમાંથી પસાર થવાનો મેં પણ ઝરહ્હક્ષી લીધો છે.

સમય તોડી મરોડી ફોડવાનો ચાન્સ લેવો છે, પળેપળને નિરંતર ચાન્સ લેવો છે.

અધીરાઈથી કાયમ કામ બગડી જાય છે સૌનાં, ધીરજના ગામને શણગારવાનો ચાન્સ લેવો છે.

પ્રતિજ્ઞા ડોકિયું કાઢે જરા સામેની બારીથી, સતત ખાલીપણું ઢંઢોળવાનો ચાન્સ લેવો છે.

અમે પાંપણની કોરે ઊંચકી બેઠાં ડૂમા-ડૂસકાં, બધીએ વેદના ફંફોસવાનો ચાન્સ લેવો છે.

વળી પડઘા ઉપર બેસી જરા અથડાઈ જોયું મેં, જિગરને જાત સાથે તોલવાનો ચાન્સ લેવો છે.

આજે ગઝલયુગ ચાલી રહ્યો છે. એક સમયે ગુજરાતી સાહિત્યમાં સૉનેટ યુગ હતો. ત્યારે સૉનેટો લખાતાં હતાં. એ પછી ગીતનું સ્વરૂપ ખેડાયું.એ પછી અછાંદસ કાવ્યો અને હવે આ સમયગાળામાં સૌથી વધુ લખાતું અને વંચાતું કાવ્ય સ્વરૂપ ગઝલ છે. પારુલ બારોટે સૉનેટ, ગીત, અછાંદસ લખ્યાં છે. પણ આ સંગ્રહમાંથી પસાર થતા મને એવું લાગે છે કે ગઝલમાં એ વધારે ઊઘડ્યાં છે. ગઝલમાં તેમની સર્જકતાને વધુ ધાર નીકળી શકે એમ છે. એમના જ શબ્દોમાં કહું તો પળેપળને ઓઢી લેવાનો તેમણે ચાન્સ ઝડપી લીધો છે. ચાન્સનો અર્થ જો મોકો કરું તો મોકો ક્યારેક ઝડપાય છે. ક્યારેક ચૂકી જવાતો હોય છે. ક્યારેક મોકો સાવ સામાન્ય લાગે અને પછી હાથમાંથી સરી ગયા પછી એ બહુ મોટી તક બની ગયો હોય છે. ગઝલનું પણ એવું છે.આખું જીવન ગઝલમય બની જાય પછી તમારી સર્જનશક્તિ બહાર અને ભીતર પળેપળને જીવતી હોય અને તેમાંથી અમુક ક્ષણો છંદબદ્ધ બને છે. ગઝલના મિજાજને અનુકૂળ થઈને પ્રગટે છે.

પારુલ બારોટ Sincerelly ગઝલના સ્વરૂપની ઉપાસના કરતાં જણાય છે. હજુ તેમણે અંતર ખૂબ કાપવાનું છે. ગઝલ એક એવો રસ્તો છે જ્યાં તમે જ તમારી મંજિલ છો અને તમારે તમારા સુધી જોજનોનાં જોજનો કાપીને પહોંચવાનું હોય છે. 'ચાન્સ લેવો છે જેવી રદીફ જેટલી નવી છે એટલી તાજી પણ છે. ગઝલને બોલચાલની ભાષા સાથે સંબંધ છે. તેમણે બહુ સહજ રીતે બોલાતી ભાષાને પ્રયોજવાનો પ્રયત્ન કર્યો છે.

શ્વાસ ખૂટી જાય તોયે દોડતાં, રંગની દુનિયા ઘણું લલચાવતી.

એ ગલીમાં તું ઊભો છે એટલે, શ્વાસ લહેરાઈ રહ્યો છે મખમલી.

આપણે ચૂપચાપ અંદર હાંફતા, માર્ગ ફંટાઈ રહ્યો છે મખમલી.

અરે, માણસ જરા તું બે ઘડી ભગવાન થઈ તો જો, સ્વયમ્ સાગર, સ્વયંમ્ નૈયા, સ્વયમ્ તોફાન થઈ તો જો.

આ ક્ષણે યાદ આવી રહ્યો છે નાઝિર દેખૈયાનો શેર. ગગનવાસી ધરા પર બે ઘડી શ્વાસો ભરી તો જો, જીવનદાતા ! જીવન કેરો અનુભવ તું કરી તો જો ! ભગવાનને માણસ બનવાની ચેલેન્જ અગાઉ ખૂબ શાયરોએ કરી

છે. માણસને કોઈ દિવસ ભગવાન થવાનો વિચાર નથી આવતો. રોજ કેટલા માણસો ભગવાન પાસે કેટકેટલું માગતા હશે ! ભગવાને આ પૃથ્વીનું સંતુલન જાળવવા માટે શું શું કરવું પડતું હશે ? આપણને એવી કોઈ કલ્પના છે જ નહીં.

પારુલ બારોટની ગઝલના ઘણા શેર જોતાંની સાથે ગમ્યા. મમળાવવા જેવા લાગ્યા. એ આપ સૌને વ્હેંચું છું.

અરીસો કદી કૈંક એવો રડે છે,
કે હિબકે પ્રતિબિંબ આખું ચડે છે.
ફાટી ગયેલ સાડલે મહેનતની ગાંઠ છે,
એ માની આંખડી પર ચુંબન કરી જુઓ.
આવ મારું વ્હાલ ઓઢાડી દઉં નખશિખ તને,
લટ, ઘટા ઘનઘોર શું ? સમજાય તો કેવું સરસ.
ક્યાં કહું છું થોરથી સાવધ રહો,
આંસુઓ ! ગુલમ્હોરથી સાવધ રહો.

પ્રિય પાત્ર, માતા, જીવનના પ્રશ્નો અને પોતાની લાગણીઓને સંબોધીને સંગ્રહમાં ઘણા શેર લખાયેલા છે. ઘણી ગઝલો નખશિખ સુંદર

છે. મા મને બહુ યાદ આવે આ ગઝલ સુંદર મુસલસલ ગઝલ છે.

ઘર ઝૂરાપો એટલો કે કોઈ 'દિ' ના બ્હાર જાતી પર મૂકીને, એક રાતે સૌને મૂકીને વિચરતી મા મને બહુ યાદ આવે છે.

તમે મળી ગયા પછી હું પદ રહ્યું અહમ બધો ગળી ગયો ને કદ રહ્યું નથી.

અસંખ્ય રંગ પૂરીને ગઝલો સાચવી છે. ઘણા શેર સુંદર છે.

ખેંચાઈને ખૂટી રહ્યા છે શ્વાસ આખરી,
હું ચાંદનીની જેમ એને ચાહતી રહી.

જુદા-જુદા છંદોમાં જુદી-જુદી રીતે પારુલ બારોટ સ્ત્રીના મનોજગતને પ્રગટાવી રહ્યાં છે.

છલોછલ બારમાસી થૈ ઊગી જાવું સદા માટે, સુગંધો સાચવી રાખી લપાતાં ક્યાં સુધી રહેશો ?

પરંતુ આ સંગ્રહની ગઝલો જોતાં પારુલ બારોટ ગઝલક્ષેત્રે આશાસ્પદ નામ લાગે છે. તેમનો પોતાનો અવાજ વધુને વધુ અજવાળું પાથરતો જશે તેવી આશા છે. ગઝલ ચાહકોને આ સંગ્રહ ગમશે એવી આશા છે. હાર્દિક શુભેચ્છાઓ સાથે ગઝલના ગગનમાં પારુલ બારોટનું સ્વાગત કરું છું.

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

-------------------------------મારાં ગઝલસંગ્રહ ×સૂર્યોદય થયો× માં ગઝલ સમ્રાટ શ્રી રાજેશ વ્યાસ ' મિસ્કીન' સાહેબે અને ગઝલના ગઢ સમા શ્રી રઈશભાઈ મણિયારે પાથરેલો અદ્ભુત પ્રકાશ અહીં ઝળહળી રહ્યો છે. આ બન્ને મહાનુભાવની હું જીવનભર ખૂબ ખૂબ આભારી રહીશ... પારુલ બારોટ.

# ૧૨ મે,આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ

## ફક્ત દવાથી રોગ અમારો નહીં મટે, સબંધ જરા ઉમેરો સારવારમાં

## વી ટ્રીટ, ગોડ હિલ્સ



સમગ્ર વિશ્વમાં ૧૨ મે, ફ્લોરેન્સ નાઈટિંગેલનાં જન્મદિવસને ×આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ× રૂપે ઉજવવામાં આવે છે. 'નર્સ દિવસ' ઉજવવાનો સૌપ્રથમ પ્રસ્તાવ અમેરિકાનાં સ્વાસ્થ્ય, શિક્ષા અને કલ્યાણ વિભાગનાં અધિકારી 'ડોરોથી સદરલૅન્ડ' એ મુક્યો હતો. એ પછી અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડી.ડી. આઈજનહાવરએ આ દિવસ ઉજવવા માટેની છૂટ આપી. ૧૯૫૩ માં પહેલી વખત 'નર્સ ડે' મનાવવામાં આવ્યો હતો જ્યારે આંતરરાષ્ટ્રીય પરિષદે આ દિવસને ૧૯૬૫માં પ્રથમ વખત ઉજવ્યો. સૌપ્રથમ નર્સિંગનાં કાર્યને શરૂ કરનાર પ્રખ્યાત ફ્લોરેન્સ નાઈટિંગેલનાં જન્મદિવસ ૧૨ મે, ૧૯૭૪નાં દિવસને ×આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ× તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

છેલ્લા બે વર્ષ દરમિયાન કોરોનાકાળમાં આપણે જોયું છે કે ડોક્ટર્સ અને નર્સ પોતાના જાનના જોખમે રોજના ૧૮ થી ૨૦ કલાક કામ કરી પોતાના અને પોતાના પરિવારનાં સ્વાસ્થ્યનાં ભોગે લાખો લોકોને સાજા સારા કરવામાં નિમિત બન્યા હતા. નર્સિંગ એ દુનિયામાં સૌથી મોટા આરોગ્ય વ્યવસાયનાં રૂપમાં મનાવવામાં આવે છે. જ્યારે ડોકટર્સ બીજા રોગીઓને જોવામાં વ્યસ્ત હોય છે એ સમયે અન્ય રોગીઓની ૨૪ કલાક દેખરેખ કરવા માટે નર્સિંગની અત્યંત જરૂરિયાત રહેતી હોય છે. નર્સ એ રોગીઓનો મનોબળ વધારે છે તેમજ તેમની બીમારીઓને નિયંત્રિત કરવામાં તે સ્નેહશીલ અને સહાયક બને છે. હોસ્પિટલમાં ભલે કોઈ પણ વ્યક્તિ સારવાર લેવા આવ્યો હોય અને ખુબ ઓછા સમય માટે આવ્યો હોય તો પણ નર્સિસ તેમની સાથે તાદાત્મ્ય બાંધી લેતી હોય છે અને નિસ્વાર્થ ભાવે પેશન્ટની સેવા કરતી હોય છે. ઘરમાં મા જેમ તેનાં બાળકો બીમાર હોય ત્યારે તેમની ચાકરી કરતી હોય છે બિલકુલ એ જ રીતે નર્સિસ પોતાનું કાર્ય કરતી હોય છે. ખાસ કરીને બાળકોને ટ્રીટ કરવાનો તેમનો અંદાજ જ જુદો હોય છે. માણસ બીમાર થાય, હોસ્પિટલમાં દાખલ થયો હોય ત્યારે તેને દવાની સાથે એક હૂંફની પણ જરૂરીયાત હોય છે. કોઈ વ્યક્તિ સતત એની ખબર પૂછતું રહે તેવી તેની ઈચ્છા કાયમ રહેતી હોય છે. આવા સમયે ઘરનાં સભ્યોની ગેરહાજરીમાં તેને નર્સ ખુબ મદદરૂપ થાય છે. હોસ્પિટલમાં દાખલ થનાર વ્યક્તિ સાથે કોઈ પણ સંબંધ ન હોવા છતાં નર્સ પોતાનું કાર્ય સતત કરતી જતી હોય છે. સ્વાસ્થ્ય સેવાઓમાં નર્સિંગનાં યોગદાનને સન્માનિત કરવા માટે, રોગીઓનાં કલ્યાણ માટે નર્સિસને શિક્ષિત કરવા માટે, નર્સિંગ સંબંધિતવિવિધ મુદ્દાઓની ચર્ચા કરવા માટે તેમજ તેમની મહેનત અને સમર્પણની સરાહનાં  કરવા માટે ભારત સરકાર દ્વારા નર્સિંગને પ્રોત્સાહન આપવા માટે આ દિવસે ફ્લોરેન્સ નાઈટિંગેલનાં પુરસ્કાર પણ આપવામાં આવે છે. નવજીવનમાં નિમિત્ત બનતા તમામ ભાઈ-બહેનોને વંદન સાથે અભિનંદન.

? ફક્ત દવાથી રોગ અમારો નહીં મટે, સબંધ જરા ઉમેરો સારવારમાં

? વી ટ્રીટ, ગોડ હિલ્સ

- મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# શ્રીમદ ભાગવતમાં વર્ણવેલ..અઠ્ઠાવીશ પ્રકારના નરકો

અનાદિ અવિદ્યાના કારણે કામનાપૂર્વક કરેલા નિષિદ્ધ કર્મોના કારણે હજારો પ્રકારની નારકીય ગતિઓ પ્રાપ્ત થાય છે.નરકોના વર્ણન સાંભળી પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે ''આવા નરકોમાં ના જવું પડે તેવો કોઈ ઉપાય બતાવો,ત્યાં જવાનો પ્રસંગ જ ન આવે તે માટે શું કરવું જોઈએ? શુકદેવજી વર્ણન કરે છે કે પાપ કરવાથી મનુષ્ય નરકમાં પડે છે.પાપ કરવું એ સાધારણ ગુનો છે પરંતુ કરેલા પાપની કબૂલાત ન કરે તે મોટો ગૂનો છે.કદાચ ભૂલથી પણ પાપ થઇ જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું.એક એક પાપનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં બતાવેલ છે તે પાપનું વિધિથી પ્રાયશ્ચિત કરવામાં આવે તો પાપનો નાશ થાય છે પણ પ્રાયશ્ચિત કર્યા પછી ફરીથી પાપ થવું ન જોઈએ નહિ તો પ્રાયશ્ચિતનો કોઈ અર્થ નથી.''

પરીક્ષિતે પૂછ્યું કે ''વિધિપૂર્વક પાપના પ્રાયશ્ચિતથી પાપનો નાશ થાય છે પણ પાપ કરવાની વાસનાનો નાશ થતો નથી, એવો કોઇ ઉપાય બતાવો કે પાપ કરવાની વાસના જ ન રહે ત્યારે શુકદેવજી કહે છે કે વાસના અજ્ઞાનમાંથી જાગે છે.અજ્ઞાનનો નાશ ન થાય ત્યાં સુધી વાસનાનો નાશ થતો નથી. અજ્ઞાનનો નાશ જ્ઞાનથી થાય છે માટે વાસનાનો નાશ કરવો હોય તો જ્ઞાનને સતત ટકાવી રાખો.''

શ્રીમદ ભાગવતમાં અઠ્ઠાવીસ ભિન્ન ભિન્ન યાતનાઓ ભોગવવાનાં નરકોનું વર્ણન છે. ''તામિસ્ર, અન્ધતામિસ્ર, રૌરવ, મહારૌરવ, કુમ્ભીપાક, કાલસૂત્ર, અસિપત્રવન, સૂકરમુખ, અંધકૂપ, કૃમિભોજન, સંદંશ, તપ્તસૂર્મિ, વજ્રકંટક, શાલ્મલી, વૈતરણી, પૂયોદ, પ્રાણરોધ, વિશસન, લાલાભક્ષ, સારમેયાદન, અવીચિ અને અય:પાન, ક્ષારકર્દમ, રક્ષોગણ ભોજન, શૂલપ્રોત, દન્દશૂક, અવટનિરોધન,પર્યાવર્તન અને સૂચીમુખ.''

જે પુરૂષ બીજાનું ધન, પુત્ર અથવા સ્ત્રીઓનું હરણ કરે છે તેને અત્યંત ભયાનક યમદૂત કાળપાશમાં બાંધીને બળપૂર્વક ''તામિસ્ર નરક'' માં ફેંકી દે છે તે અંધકારમય નરકમાં તેને અન્ન-જળ આપવામાં આવતાં નથી.માર મારવો અને ભય બતાવવો..વગેરે અનેક પ્રકારના ઉપાયો દ્વારા પીડા આપવામાં આવે છે.જે પુરૂષ બીજાને છેતરીને તેની સ્ત્રી વગેરેને ભોગવે છે તે ''અંધતામિસ્ર નરક'' માં પીડાય છે.ત્યાંની યાતનાઓ ભોગવીને તે કપાયેલા ઝાડની જેમ દુ:ખી થઈને બધી સૂધ-બૂધ ભૂલી જાય છે. જે પુરૂષ આ લોકમાં 'આ શરીર જ હું છું અને આ સ્ત્રી-ધન વગેરે મારાં છે' આવી બુદ્ધિથી બીજા પ્રાણીઓનો દ્રોહ કરીને નિરંતર પોતાના કુટુંબનું જ પાલન-પોષણ કરે છે તે પોતાનું શરીર છોડ્યા પછી પોતાનાં પાપને કારણે પોતે ''રૌરવ નરક'' માં પડે છે.આ લોકમાં તેણે જે જીવોને જેવી રીતે દુ:ખ પહોંચાડ્યું હોય તે પરલોકમાં યમયાતનાનો સમય આવતાં તે જીવાત્માને રૂરૂ થઈને તેવા જ પ્રકારનું દુ:ખ ભોગવવું પડે છે.

''મહારૌરવ નરક'' માં તે જીવ જાય છે જે બીજાઓની પરવાહ ન કરીને કેવળ પોતાના જ શરીરનું પાલન-પોષણ કરે છે ત્યાં કાચું માંસ ખાનાર રૂરૂઓ તેને માંસના લોભથી કાપી-કાપીને ખાય છે. જે ક્રૂર મનુષ્ય આ લોકમાં પોતાનું પેટ



વિનોદભાઈ માછી निरंकारी

ભરવા માટે જીવતા પશુ અથવા પક્ષિઓને રાંધે છે તેને યમદૂતો ''કુંભીપાક'' નરકમાં લઇ જઈને ઉકળતા તેલમાં રાંધે છે. જે મનુષ્ય આ લોકમાં માતા, પિતા, બ્રાહ્મણ(બ્રહ્મજ્ઞાની) અને વેદની નિંદા કરે છે તેને યમદૂત ''કાળસૂત્ર'' નરકમાં લઇ જાય છે તેનો વિસ્તાર દસ હજાર જોજન છે, તેની જમીન તાંબાની છે તેમાં જે તપેલ મેદાન છે તે ઉપરથી સૂર્ય અને નીચેથી અગ્નિના તાપથી તપે છે,ત્યાં પહોંચેલો પાપી જીવ ભૂખ,તરસથી દુ:ખી થઇ જાય છે અને તેનું શરીર બહાર તથા અંદર બળવા લાગે છે આ પ્રમાણે તે નરપશુના શરીરમાં જેટલાં રૂવાડાં હોય છે તેટલાં હજાર વર્ષો સુધી તેની દુર્ગતિ થતી રહે છે.

જે પુરૂષ કોઇ પ્રકારની આપત્તિ ન આવી હોય તો પણ વૈદિક માર્ગને છોડીને બીજા પાખંડયુક્ત ધર્મનો આશ્રય લે છે તેને યમદૂત ''અસિપત્રવન'' નરકમાં લઇ જઈને કોરડાઓથી મારે છે.જ્યારે તે આ મારથી બચવા માટે આમ-તેમ દોડવા લાગે છે ત્યારે તેનાં બધાં શરીરનાં અંગો તાલવનના તલવારની સમાન ધારદાર પાંદળાઓથી જેમાં બન્ને બાજુ તિક્ષ્ણ ધાર હોય છે તેના વડે છિન્ન-ભિન્ન થવા લાગે છે. આ લોકમાં જે પુરૂષ રાજા અથવા રાજાના કર્મચારી થઇને કોઇ નિર્દોષ મનુષ્યને દંડે છે તે મહાપાપી મરીને ''સૂકરમુખ'' નરકમાં પડે છે ત્યાં જ્યારે મહા બળવાન યમદૂત તેના અંગોને કચડે છે.

જે પુરૂષ આ લોકમાં માંકડ વગેરે જીવોની હિંસા કરે છે તે તેમનો દ્રોહ કરવાને કારણે ''અંધકૂપ'' નરકમાં પડે છે.ત્યાં તે પશુ, મૃગ, પક્ષી, સર્પ વગેરે જંતુઓ, મચ્છર, જૂ માકણ અને માખી વગેરે જીવો જેમનો તેને દ્રોહ કર્યો હતો તેઓ બધા તે જીવને ચારે બાજુથી કાપીને ખાય છે તેથી તેની ઊંઘ અને શાન્તિ ભંગ થઇ જાય છે. જે મનુષ્ય આ લોકમાં પંચમહાયજ્ઞ કર્યા વિના તથા જે કંઇ મળે છે તે કોઇ બીજાને આપ્યા વિના પોતે જ ખાઇ જાય છે તેને કાગડા જેવો કહેવામાં આવે છે તે પરલોકમાં ''કૃમિભોજન'' નામના અધમ નરકમાં પડે છે. ત્યાં એક લાખ જોજન લાબાં અને પહોળા એક કીડાનો કુંડ છે તેમાં તેને પણ કીડો બનીને રહેવું પડે છે.

આ લોકમાં જે વ્યક્તિ ચોરી અથવા બળજબરીથી બ્રાહ્મણનું અથવા આપત્તકાળ વિના પણ કોઇ બીજા પુરૂષનું સોનું, રત્ન અને ધન વગેરેની ચોરી કરે છે તેના મૃત્યુ પછી યમદૂત ''સંદંશ'' નામના નરકમાં લઇ જઇને ગરમ કરેલ લોઢાના ડામ દે છે અને ચીપિયાથી તેની ચાંબડી ઉતારે છે. આ લોકમાં જો કોઇ પુરૂષ ન કરવા યોગ્ય સ્ત્રી સાથે સંભોગ કરે છે અથવા કોઈ સ્ત્રી અગમ્ય પુરૂષથી વ્યભિચાર કરે છે તો યમદૂત તેને ''તપ્તસૂર્મિ'' નામના નરકમાં લઇ જઇને કોરડાઓથી મારે છે તથા પુરૂષને તપાવેલ લોઢાની સ્ત્રીના પુતળા સાથે આલિંગન કરાવે છે અને સ્ત્રીને તપાવેલ પુરૂષના પુતળાની સાથે આલિંગન કરાવે છે.

જે પુરૂષ આ લોકમાં પશુ વગેરેની સાથે વ્યભિચાર કરે છે તેને મૃત્યુ પછી યમદૂત ''વજ્રકંટકશાલ્મલી'' નરકમાં નાખે છે અને વજ્રની સમાન કઠોર કાંટાવાળા શિમળાના વૃક્ષપર ચડાવીને પછી નીચે તરફ ખેંચે છે. જો રાજા અથવા રાજકારણી આ લોકમાં શ્રેષ્ઠ કુળમાં જન્મ લઈને પણ ધર્મની મર્યાદાનું ઉલંઘન કરે છે તેને કારણે તેના મરણ પછી તેને ''વૈતરણી'' નદીમાં નાખી છે.ત્યાં નદી નરકોની ખાઈની સમાન હોય છે તેમાં મળ, મૂત્ર, પરૂ, રક્ત, કેશ, નખ, હાડકાં, ચરબી, માંસ અને મજ્જા વગેરે ગંદી વસ્તુઓ ભરેલી હોય છે તેમાં પડ્યા પછી તેને બધી બાજુથી મગરમચ્છ આદિ પાણીના જીવો ચીરી ખાય છે. જે મનુષ્ય શૌચ અને આચારના નિયમોનો ત્યાગ કરીને અને મર્યાદા ઉલ્લંઘન કરીને આ લોકમાં શુદ્ર જાતીની સ્ત્રીની સાથે સંબંધ બાંધીને પશુની સમાન આચરણ કરે છે તે મર્યા પછી પરૂ, વિષ્ઠા, મૂત્ર, કફ અને મળથી ભરેલ ''પૂયોદ'' નામના સમુદ્રમાં પડીને તે અત્યંત ઘૃણિત વસ્તુઓને ખાય છે. આ લોકમાં જે બ્રાહ્મણ વગેરે ઉચ્ચ વર્ણના લોકો કૂતરાં અથવા ગધેડાંને પાળે છે અને મૃગયાદિ કરવા વડે શિકાર વગેરે કરે છે તથા પશુઓનો વધ કરે છે તેમના મર્યા પછી તે ''પ્રાણરોધ'' નામના નકરમાં પડે છે અને ત્યાં યમદૂતો તેને લક્ષ્ય બનાવીને બાણોથી વીંધે છે.

જે પાખંડી મનુષ્યો પાખંડપૂર્ણ યજ્ઞોમાં પશુઓનો વધ કરે છે તેમને પરલોકમાં ''વિશસન'' નરકમાં નાખીને ત્યાંના અધિકારી તેને બહુ દુ:ખ આપીને કાપે છે.જે દ્વિજ કામાતુર થઇને પોતાની સવર્ણા પત્નીને વીર્યપાન કરાવે છે મર્યા પછી તે પાપીને યમદૂત વીર્યની નદી ''લાલાભક્ષ'' નામના નકરમાં નાખીને વીર્ય પિવડાવે છે. જે કોઇ ચોર અથવા રાજા અથવા રાજપુરૂષો આ લોકમાં કોઈના ઘરમાં અગ્નિ લગાડે છે, કોઈને ઝેર આપીને મારી નાખે છે અથવા ગામ અથવા વ્યાપારીઓની મંડળીઓને લૂંટી લે છે તેના મર્યા પછી ''સારમેયાદન'' નામના નરકમાં વજ્રની જેમ તીક્ષ્ણ દાંતોવાળા સાતસો વીસ યમદૂતો કૂતરાઓ બનીને જોર-જોરથી કાપીને ખાય છે. આ લોકમાં જે પુરૂષ કોઈની સાક્ષી દેવામાં, વ્યાપારમાં અથવા દાન આપતી વખતે કોઇ પણ પ્રકારનું ખોટું બોલે છે તેના મરણ પછી આધારશૂન્ય ''અવીચિમાન'' નરકમાં પડે છે.ત્યાં તેને સો જોજન ઊંચા પહાડના શિખર પરથી ઊંધા માથે નીચે ફેંકે છે. જે બ્રાહ્મણ(બ્રહ્મજ્ઞાની) વ્રતનું પાલન કરતી કોઇ પણ વ્યક્તિ પ્રમાદવશ થઈને મદ્યપાન કરે છે તેને યમદૂત ''અય:પાન'' નામના નરકમાં લઇ જાય છે અને તેની છાતીપર પગ રાખીને મોઢામાં અગ્નિથી ઓગાળેલ લોઢાનો રસ નાખે છે. જે પુરૂષ આ લોકમાં નિમ્ન વર્ણનો હોવા છતાં પણ પોતાને મોટો માનવાને કારણે જન્મ, તપ, વિદ્યા, આચાર, વર્ણ અથવા આશ્રમમાં પોતાથી મોટાનો વિશેષ આદર સત્કાર નથી કરતો તે મર્યા પછી તેને ક્ષારકર્દમ નામના નરકમાં ઊંધા માથે નાખે છે અને ત્યાં તેને અનંત પ્રકારની પીડા ભોગવવી પડે છે.

જે પુરૂષ આ લોકમાં નરમેધ વગેરે યજ્ઞોદ્વારા ભૈરવ, યક્ષ, રાક્ષસ વગેરેનું યજન કરે છે અને જે સ્ત્રીઓ પશુઓની જેમ પુરૂષોને ખાઇ જાય છે તેમને પશુઓની જેમ મારવા આવેલા તે પુરૂષો યમલોકમાં રાક્ષસો થઇને અનેક પ્રકારની યાતનાઓ દે છે અને ''રક્ષોગણભોજન'' નામના નરકમાં કસાઇની જેમ કુહાડીથી કાપી-કાપીને તેમનું રક્ત પીવે છે તથા જેમ તે માંસાહારી પુરૂષ આ લોકમાં તેનું માંસ ભક્ષણ કરીને જે રીતે આનંદિત થતો હતો તેવી રીતે તે પણ તેનું રક્ત પાન કરે છે અને આનંદિત થઇને નાચ-ગાન કરે છે. આ લોકમાં જે મનુષ્ય વન અથવા ગામના નિરપરાધી જીવોને કે જે બધા પોતાના પ્રાણોને રાખવા ઈચ્છે છે, તેમને જુદા જુદા ઉપાયોથી લલચાવીને પોતાની પાસે બોલાવી લે છે અને પછી તેને કાટાંઓથી વીંધીને અથવા રસ્સીથી બાંધીને મજાક કરવા ખાતર અનેક પ્રકારની પીડાઓ દે છે તેને પણ મર્યા પછી યમ યાતનાઓના સમયે ''શૂલપ્રોત'' નામના નરકમાં શૂળીથી વીંધવામાં આવે છે તે સમયે તેને ભૂખ-તરસ સતાવે છે અને કંક, બટેર વગેરે તીક્ષ્ણ ચાંચોવાળાં નરકનાં ભયાનક પક્ષીઓ ખાવા લાગે છે ત્યારે તેમને પોતે કરેલ બધાં પાપ યાદ આવે છે.

લોકમાં જેઓ સર્પની જેમ ઉગ્ર સ્વભાવવાળા પુરૂષો બીજા જીવોને પીડા પહોંચાડે છે તેઓ મર્યા પછી ''દંદશૂક'' નામના નરકમાં પડે છે ત્યાં પાંચ અને સાત મોઢાવાળા સર્પો તેમની પાસે આવીને તેમને ઉંદરોની જેમ ખાઇ જાય છે. જે વ્યક્તિ આ લોકમાં બીજાં પ્રાણીઓને અંધારી ખીણો, કોઠા અથવા ગુફાઓમાં નાખી દે છે તેને પરલોકમાં યમદૂતો તેવાં જ સ્થાનોમાં નાખીને ઝેરી અગ્નિના ધૂમાડામાં ગુંગળાવી મારે છે તેથી આ નરકને ''અવટનિરોધન'' કહે છે. જે ગૃહસ્થ પોતાને ઘેર આવેલ અતિથિઓ કે અભ્યાગતોની સામે વારંવાર ક્રોધથી કુટિલ નેત્રોથી જુવે છે તે પાપીની આંખોને ગીધો, કાગડા અને બટેર વગેરે વજ્રની સમાન કઠોર ચાંચોવાળાં પક્ષીઓ બળપૂર્વક કાઢી લે છે આ નરકને ''પર્યાવર્તન'' કહે છે.

આ લોકમાં જે વ્યક્તિ પોતાને મોટો ધનવાન સમજીને અભિમાનવશ બધાને વાંકી નજરથી જુવે છે અને બધા ઉપર શંકા રાખે છે, ધનનો ખર્ચ અને નાશની ચિંતાથી જેનું હૃદય અને મુખ શોષાયેલા રહે છે તેથી થોડું પણ સુખચેન નહીં માનીને જે યક્ષની સમાન ધનની રક્ષામાં જ લાગ્યો રહે છે તથા પૈસા ભેગા કરવા, વધારવા અને બચાવવામાં જે અનેક પ્રકારનાં પાપ કર્યા કરે છે, તે નરાધમ મર્યા પછી ''સૂચીમુખ'' નરકમાં પડે છે ત્યાં તે અર્થપિશાચ પાપાત્માના બધાં અંગોને યમરાજના દૂતો દરજીઓની જેમ સોય-દોરાથી સીવે છે.

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# કાચબાનો શિકાર કરવામાં નાસીપાસ સિંહો મચ્છર-માખીનો શિકાર કરે!!!

પેલા ત્રણ સિંહો પોતપોતાની બોડ ( અરે ભાઈ એમને ટેનામેન્ટ કે ફલેટ જે કાંઇ હોય તેમને બોડ કહેવાય!! શું સમજ્યા? નોલેજ પાવર જરૂરી છે!!)તરફ ગયા.

ત્યાં તો ઉત્સવ નહીં મહોત્સવનો માહોલ. લાલ જાજમ બિછાવેલ. નાની કુમારિકાઓ માથે કળશ-?નારિયેળ લઇને વનરાજના સ્વાગત માટે તૈયાર થઇને ઉભેલી. શરણાઈ,બુંગિયો ઢોલ પર ધ્રીબાંગ ધ્રાબાંગ દાંડી પડતી હતી. સિંહણો સુવર્ણપાત્ર લઇ વનરાજને કુમકુમ તિલક કરવા અને ઓવારણા લેવા તલપાપડ થતી હતી. સિંહણની છાતી ગજ ગજ ફૂલતી હતી. તેના માટીડાઓ સિંહ જગતના ઈતિહાસમાં કદી ન નોંધાયેલ હોય તેની સિધ્ધિ મેળવીને સ્વગૃહે પરત ફર્યા હતા. આવા પકડમદારનું સ્વાગત આલા ગ્રાંડ જ હોય ને!!

સિંહણે સિંહના ભાલ પ્રદેશમાં પોતાની આંગળી ચપ્પુ વડે કાપી તેના લોહીથી રક્ત તિલક ક્યું!! અક્ષત લગાવ્યા. આગલા બે પગથી દુખણા-ઓવારણા લીધા!!

સિંહ સ્વગૃહે પ્રવેશ્યા. સિંહણે સસલાનું સુપ ધર્યું. પાડાનું માંસ આપ્યું. બકરાંનું લોહી શરબત તરીકે આપ્યું!!

સિંહે આંખ ચોળી! સિંહે વિચાર્યું કે આ કોઇ સ્વપ્ન છે કે શું?? તેણે આગલા પગથી મોઢા પર લપડાક મારી. સ્વપ્ન તો નથી જ!! સિંહને હતું કે ઘરે મહેણા, ટોણા, કટુ વાગ્બાણ,ઉપાલંભથી તેને પોંખવામાં આવશે!! તેના બદલે ભવ્ય સ્વાગત. આ શાંતિ તોફાન પહેલાંની શાંતિ હતી. સિંહણ શું વલે કરશે તેની કલ્પનામાત્રથી ભયનું લખલખું આવી ગયું. સંસારમાં પત્ની પાસે ગોરધન કે વનરાજની હાલત પતલી હોય છે.?બહાર જેની મૂછે લીંબુ લટકતા હોય તેમની હાલત ઘરના ધૂળજી કરતાં પણ નિરાદર હોય છે!! પેલાંને થાય કે ગોરધન થવું એના કરતાં ધૂળજી થાવ તો માલિકણ તતડાવે નહીં, ગરમ ચા સાથે ગરમ નાસ્તો મળે, રજાનો પગાર કપાય નહીં, વાસણ ઘસવા ગરમ પાણી મળે!!!

સાલું જગતનું શું થવા બેઠું છે કાંઇ ખબર પડતી નથી. આપણે ત્યાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી છે અને પરિણામ દસમી માર્ચે છે ત્યાં સુધી બધું જ સ્ટેચ્યુ થઇ ગયું છે!! દસમીએ મતદારો કોને ગો કહે અને કોનું સ્ટેચ્યુ ચાલું રાખશે તે ભર્યા નારિયેળ જેવું છે!!

જોરમાં સિંહોને વાંદરો લાફો મારી જાય અને એ ઘટના ન્યુઝ તરીકે વાયરલ થઇ જાય! પેલી કવિતામાં ચૌદ વરસની કન્યા સાવજને ભગાડે!! નાલેશીની ઘટના વધતી જાય!! સિંહ ઉંદરની બાળવાત્રામાં ઉંદરને જીવતો છોડી દે બદલામાં સિંહની જાળ ઉંદર કાપી નાંખે. આમાં ક્યાંય વનરાજનું ગૌરવ વધ્યું? અંધારામાં પૂરું ટીખળી એક મરઘી દેખાડીને સિંહને ખોરાક માટે દોડાવે લલચાવે તેવા વીડીયો વાયરલ થાય! વનરાજની આબરૂની મધર મેરી થઇ જાયે તો જાયે કહાં !! હમણા હમણા એક ભાઇએ સિંહો કાગડાનો શિકાર કરતા હોય તેવો વીડીયો વાયરલ કર્યો. આ તો અમેરિકન ડોલર સામે રૂપિયો રોજ રોજ ધોવાય તેવું થયું!! પાડા, હરણ કે શિયાળના બદલે કાગડાના શિકાર. સિંહ માટે બપોરા, વાળુ કે રોંઢા કે શિરામણ પણ ન કહેવાય. કોઇ હોટલમાં સેટે કરો અને કોમ્પલીમેન્ટરી બ્રેકફાસ્ટમાં બે બટર બ્રેડસ્લાઇસ આપે એના જેવું થાય.!!

તાલાળામાં સિંહોની વાટ લાગી ગઇ કે બેન્ડ બજી ગઇ!! ગીર જંગલમાં કમલેશ્વર ડેમ નજીક બનેલી વન્ય જીવસૃષ્ટિની એક દુર્લભ ઘટના સામે આવી છે.જેમાં ડેમ કાંઠે જઇ રહેલો કાચબો ત્રણ યુવાન સિંહની નજરમાં આવ્યો હતો.અને મો બહાર હોવાથી સિંહોએ આ કાચબાને મોઢામાં પકડી શિકાર કરવા પ્રયાસ કર્યો હતો.પરંતુ કાચબાએ મો અંદર કરી લીધું હતું.શરીર પર મજબૂત કવચ ધરાવતા કાચબાનો શિકાર કરવા ત્રણેય સિંહોએ ખૂબ મહેનત કરી હતી.અને આખરે હાંફી જઈ થોડે દુર બેસી ગયા હતા.બાદમાં કાચબો ડેમના પાણીમાં જતો રહ્યો હતો. ત્રણ યુવાન સિંહ ડેમ નજીક જતા હતા.ત્યારે ડેમમાંથી નીકળેલો એક કાચબો ત્યાં જોવા બેઠો હતો.અને પોતાનું મો બહાર રાખી હલન ચલન કરતો હતો.સિંહના ધ્યાનમાં આ કાચબો આવી જતા કાચબાને એક સિંહે પકડયો હતો.ત્યાં જ કાચબાએ પોતાનું મો અંદર કરી લીધું હતું. બાદમાં સિંહે કાચબાને મારી નાખવા ખૂબ પ્રયાસ કર્યા હતા પરંતુ મજબૂત કવચ ધરાવતા કાચબાને કોઈ અસર થઈ ન હતી. એક પછી એક ત્રણેય યુવા સિંહોએ આ કાચબાને મો મા પકડી અને પગ ઉપર રાખી નખથી ખોલવા માટેના પ્રયાસો કર્યા હતા.પરંતુ તેમાં સફળ થયા ન હતા.આખરે કાચબાને મજબૂત કવચના લીધે ત્રણેય સિંહો હાંફી ગયા હતા.અને થોડે દુર જઈ બેસી ગયા હતા.થોડી વાર બાદ કાચબાએ મોઢું બહાર કાઢી પહેલા આસપાસ જોઈ લીધું હતું.અને ત્યાંથી ડેમના પાણી તરફ વિજેતાની અદાથી જતો રહ્યો.! સિંહોના કમનસીબે આ ઘટના વાયરલ થઇ ગઇ.આફ્રિકાના જંગલો અને બધા અભયારણ્ય, પ્રાણી સંગ્રહાલયમાંથી સિંહોની નાલેશીને બિરદાવતા મેસેજો તારના દોરડેથી વરસવા લાગ્યા છે!!?

પેલી સિંહણો અંદરોઅંદર વાત કરે છે કે એ તો સારું છે કે

બીપીએલ કાર્ડ હેઠળ દર મહિને પાંચ કિલો અનાજ, એક કિલો દાળ અને એક કિલો મીઠાનું રાશન મળે છે. ઉજવલામાં ગેસ કનેકશન- બાટલો મળ્યો છે. એટલે ટાબરાના જમવાનો મામલો ઉકેલાય છે. બાકી આમના ભરોસે રહીએ તો હરદિન રોજા રહે!!

બધી સિંહણોએ સિંહોને કહ્યું કે મારા નમાલા ભરથાર,મારી નણંદના વીર, તમે વનરાજ તરીકે વોલેન્ટરી કે કંમ્પસલરી રાટાયરમેન્ટ લઇ લો. પંચતંત્રમા એક વાર્તા છે.સિંહણે નમાયા શિયાળના બચ્ચાંને ઉછેર્યું.સિંહબાળ સાથે ઉછેરતું શિયાળબાળ ખુદને સિંહબાળ સમજવા લાગ્યું. સિંહબાળના તાનમાં હાથી પર ચડાઇ કરી.હાથીએ સૂંઢમાં પકડી, સૂંઢ ગોળગોળ ઘુમાવીને દૂર ફેંક્યો.બાદમાં સિંહણે શિયાળબાળને કહ્યું કે તારા કૂળમાં જન્મેલા હાથીનો શિકાર કરતા નથી!!!તમે પણ કાચબાનો શિકાર કરી શકતા નથી . હાથીથી લઇને શિયાળનો શિકાર કરવાના બદલે કાગડાનો શિકાર કરો છો. હવે ત્રણે જણ મચ્છર કે માખીનો શિકાર કરવા કાબેલ છો. તમે મચ્છર અને માખીનો શિકાર કરી ખાવ!!

કહે છે કે પેલા ત્રણ સિંહો મચ્છર -માખીનો શિકાર કરવામાં એકસપર્ટ થઇ ઓનલાઈન -ઓફલાઈન કોચીંગ કરવા લાગ્યા છે!!

ભરત વૈષ્ણવ

---

આંબો
માંડ બાર ફૂટ ઊંચો નથી,
પછી કંઇ રીતે એ લાંબો છે?
ગણીને એક જ કેરી લટકે,
પછી કંઇ રીતે આંબો છે?
ખેતરના ખોડીબારા જેવો,
માનો ઉભો વાંસનો ખંભો.
સૈનિક,સેનાની,દિવાન નથી,
છતાં માને જૂનાણાનો નવાબ.
કેટકેટલા સળગતા સવાલો,
પણ એના કયાં જવાબો છે??
બુડથલ જેવો જ દેખાવ છે,
આમને આમ રહ્યો છે ડોબો.
બાજુએ આસોપાલવ ઉભો ,
માનો આસોપાલવનો બાબો
અહીં મક્કા કે મદીના નથી,
શું એ છે કાળો પથ્થર કાબો ?
ભરત વૈષ્ણવ




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS No : 109**
:-સ્નેહની સરવાણી
શિર્ષક:-કેમ ભૂલુ?
પ્રકાર :-પધ
કેમ ભૂલુ ?
ખાખરાના ઝાડનો રંગ ઉઘડ્યો,
કબૂતરીની વાછટો પીધી,
ગગનચૂંબી શીલાઓમાં અફળાયો,
ઝાડી ઝાખરામાં ફૂંટ્યો,
ને આજ પંખીનો ટહુંકો થયો,
તે ગામ,ગુંદરું,પાદર કેમ ભૂલું?
ખૂબ ટીપ્યો,તપાવ્યો,
ઈ દરિદ્રતાની ભઠ્ઠીમાં,
બંધ રસ્તાઓ વચ્ચે રૂલાવ્યો,
પછાડયો,અફાળ્યો,ઉછેર્યો,
ને સૂર બન્યો શબ્દે ચડી,
એ સાતે સૂરના લયો કેમ ભૂલું?
ખીણો,દુર્ગમ કરાડો,પગદંડી,
ઉડાણ ભરતા પગલા,
શૂળોની માફક ખૂપી જતા કાટા,
શેડ બની વહેતા લોહી,
તેમાથી ઉઘડતી નવીપગદંડી કેમ ભૂલું?
શ્વાસમાં ધબકાર બની ધબકતો,
એ વગડો ને વનરાઈ ,
બધું મારું શૈશવને,
ને હું જે થયો છું મહુંડાના ઝાડ જેવો,
તે સરારતી,
ને વધતો ગયો ગગનચૂંબિ પ્હાડ થઈ ,
પાયામાં રેડેલ ખાણુંની મિજબાની કેમ ભૂલું?
બાબુ સંગાડા"મહેક"

---

**NOG SS No : 0013**
વિષય : સ્નેહની સરવાણી
પ્રકાર : પધ
વિષય : સ્નેહની આજીજી
તારા પ્રેમમાં ખેંચાણ છે
એવી શ્રદ્ધા તો છે જ મને.
તારા પ્રેમ સાથે સ્નેહ છે
એની તો ખાતરી છે મને.
ભલે ખામી હશે આ પ્રેમમાં
કદાચ કચાશ હશે સ્નેહમાં
પણ એકીટશે તને જોયા કર્યું
નફરત નથી હવે મારગમાં.
તારા પ્રેમમાં પડ્યા પછી
આજુબાજુ ક્યાંય જોયું નથી.
એક તારી મૂર્તિ સામે રાખી
ખુબ લાડ લડાવ્યા છે તને.
તને જોયા પછી બેરંગી
દુનિયાને ક્યાં જોઈતી અમે
પણ તને જોયા પછી મન
ખાસ તડપે રોજ જોવા તને.
મારી બદનામી થાય એ
બિલકુલ ગમશે નહીં તને.
મને ડર થોડો લાગે એ
પણ હવે સમજાય છે તને.
આ દુનિયાની અવગણનાથી
સંતોષ ને ખુશી મળે મને.
શ્યામ જરાક રહેજે તું પ્રેમાળ
નક્કી ગળે લગાડજે મને.
ઓ રામ શ્યામ ઘનશ્યામ
સ્નેહની સરવાણી સજી
તારા ધામમાં લઈ જજે મને
ઘનશ્યામ વ્યાસ

---

**NOG SS No-106**
વિષય-સ્નેહની સરવાણી
શીર્ષક-"પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ"
પ્રકારઃ- પદ્ય
શબ્દ:-૧૪૦
પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ
મુક્તિદા કુમાર
'મનચલી'
પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ???
માગ્યો મગાય નહિ!
જોડયો જોડાય નહિ!
શોધ્યો શોધાય નહિ!
મનડામાં મલકંતો દીઠોમેં
પ્રેમ!!
શોધ્યો જડેના
દિવસ રાત શોધમાં,
શોધતાં તો શોધ્યો મેં,
મળ્યો-
બાળકને ધરાવતી, માના ધાવણની ધારામાં!!
સ્નેહ નીતરતી સરવાણી
અને
બાળકની નિર્દોષ નજરુંમાં,
સ્નેહ નીતરતી, ગાવડીને(ગાય) જોઈમેં--
જન્મેલા વાછરુને જીભેથી ચાટતી!!
પ્રેમીની આંખ્યુંમાં અશ્રુની ધાર થકી,
પાગલપનના પાશથકી વલોપાતા છલકાતા સ્નેહની સરવાણી મેં જોઈ.
સવારના પહોરમાં સૂરીલા અવાજથી ગવાતાં પ્રભાતિયાંમાં - પ્રેમ.
પ્રેમ મળ્યો મને, આનંદથી કિલ્લોલતા પંખીના કલરવમાં,
મેં તો માણ્યો ચકલીઓના ચહચહાટમાં,
દૂધને ચપચપ ચાટતી બિલાડીની લુચ્ચી આંખોમાં!!
દાદાની મૂછની લંબાઈ જોઈ,
પોતાના કોરા હોઠે તાવ દેતા બાળકની આંખોમાં!
દાદીના ખોળે,દાદીની વાર્તામાં ગૂંથાઈ,ખુલ્લાં આકાશે...
ખાટલાની ગોદડીમાં ટૂંટવાઈ,
રાતના ચમકંતા તારાની નીચે
સપનામાં ખોવાઈ જાતા.. બાળકની કલ્પનામાં
વહેતાં પ્રેમની સરવાણીને જોઈ!!?
પીયુની પ્રીતે પલોટાતી જાઉં હું તો,
એમના પ્રેમની સરવાણીએ!
માગ્યો મગાય નહિ,
જોડ્યો જોડાય નહિ,
શોધ્યો શોધાય નહિ!
સૌ-સૌના મનડાંમાં મલકંતો દીઠો મેં પ્રેમ!!
હા
પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ.

---

**NOG SS No : 0092**
પ્રકારઃ- પદ્ય
વિષયઃ- સ્નેહની સરવાણી
શિર્ષકઃ- ' ભીનાશ પહોંચી હૈયે '
ધોધમાર વરસી ગયો એ મેહુલો,
કરી ગયો આ ધરાને તરબોળ.
સ્નેહની સરવાણી ફૂટી એની સહસ્ત્રધારાઓથી,
ભીનાશથી હૈયું થયું જાણે સાવ ટાઢુંબોળ.
આમ તો પ્રતિક્ષા હતી ધરાને જનમથી,
સ્નેહ વારિના સીંચનની.
કોઈ વૈભવી જેમ ખજાનો લૂંટાવે ને,
અચાનક પૂરી દે ખોટ કોઈ અકીંચનની.
એવું નથી કે ધરા સ્નેહ વિનાનું હૈયું લાવી છે,
જે પામવું છે એની લ્હાણ લઈને આવી છે.
પણ ક્યાંક ડંખ્યો 'તો ખાલીપો જીવનનો,
તેથીજ મેઘ પર એ તન-મન વારી છે.
સ્નેહના આદાન-પ્રદાનનુંય કહેવું પડે!
છલોછલ ભરેલ હૈયે ય તરસ્યા રહેવું પડે.
પોતાનો સ્નેહ પોતાના પર ઓવારાતો નથી,
લખલૂટ દઈને પણ ભરપૂર પામવાનો વહેવાર સચવાતો નથી.
મેઘના રોમેરોમથી સ્નેહની સરવાણી ફૂટી,
ધરા ભીંજાઈ ધરાઈને ને શરમની પાળો તૂટી.
બધુંય હોવા છતાં સ્નેહ વિના સૂનો સંસાર છે,
ધરા-મેઘના એકત્વમાં સ્નેહનો જ સાર છે.
સમય બદલાતા જૂઓને સ્નેહમાંય તકરાર છે,
આપ્યા વગર પામવાનો તલસાટ અહીં ધરાર છે.
સ્નેહની ભીનાશ ભીંજવે હૈયું તો જ એ સ્નેહ સાકાર છે,
સ્નેહના કિસ્સાઓમાં અહીં અન્ય લાગણીઓ બેસુમાર છે.
અલકા નવિનચંદ્ર મહેતા,ગાંધીનગર

---

**NOG.SS.No.0102.**
નામ. :- રતીલાલ વાયડા
વિષય.:- સ્નેહની સરવાણી.
પ્રકાર. :-. ગદ્ય.( સત્ય ઘટના.)
શીર્ષકઃ- નિસ્વાર્થ પ્રેમ.
રચનાઃ-

મારા જીવનમાં બનેલી આ એક સત્ય ઘટના આપ સમક્ષ રજુ કરું છું. આજે આ ઘટનાને ૬૦ જેટલા વર્ષો વીતી ગયા છે.

૧૯૬૨માં હું કોલેજમાં ભણતો હતો અને મીઠાપુરમાં મારા કાકાની લોજ અને હોટલ હતી તેમાં પણ હું સાથે કામ કરતો અને દ્વારકા કોલેજમાં અભ્યાસ કરતો હતો.

મેટ્રિક સારા ગુણ સાથે પાસ કરે અને ભૌતિક અને રસાયણશાસ્ત્ર જેવા વિષયમાં પણ મને સારા ગુણ હતા.

લોજમાં મેલા ઘેલા કપડા ,બધા ગ્રાહકોને પીરસવાનું , થાળી ઉપાડવી, સફાઈ કરવી વગેરે કામ હું કરતો.

મીઠાપુર તાતા કેમીકલ્સમાં લેબોરેટરીમાં ટેસ્ટરની જગ્યા ખાલી હતી તેના માટે ઇન્ટરવ્યુ આવ્યું.

ઇન્ટરવ્યૂ લેનાર શ્રી ઠાકોરભાઇ પટેલ સાહેબ હતા. તેની સમક્ષ જ્યારે હું હાજર થયો ત્યારે સૌ પ્રથમ તો તેણે મારી સામે જોયું અને કહ્યું કે તું અહીંયા શું કામ આવ્યો છે? મેં જણાવ્યું કે હું ઇન્ટરવ્યૂ માટે આપવા આવ્યો છું .તેને આશ્ચર્ય થયું કે લોજમાં કામ કરતો સામાન્ય નોકર ઇન્ટરવ્યૂમાં કેવી રીતે આવી શકે? તેણે મારી માર્કશીટ જોઈ, ઘણા બધા પ્રશ્નો પૂછ્યા . ખાસ તો રસાયણશાસ્ત્રને લગતા અને તાતા કેમિકલ્સ વિશે. મેં બધા સંતોષકારક જવાબ આપ્યા અને મને પસંદ કર્યો.

મને થોડા જ વખતમાં ટેસ્ટિંગ કામ કેમ કરવું તેની તાલીમ આપવામાં આવી અને હું ટૂંકા ગાળામાં એક સારો ટેસ્ટર બની ગયો .હવે ખાતાનું ઘણું કામ મને વિશ્વાસથી સોંપવામાં આવતું અને હું પણ નિષ્ઠાથી કાર્ય કરતો હતો.

મારી નોકરી જનરલ શિફ્ટમાં સવારના આઠથી સાંજે પાંચ સુધી હતી અને તેને કારણે હું કોલેજમાં જઈ શકતો ન હતો.

મેં મારી આ મુશ્કેલી પટેલ સાહેબને જણાવી.મે કહ્યુ" સાહેબ, સવારના દ્વારકા કોલેજમાં જઉ અને બપોરે બે થી રાત્રે દસ વાગ્યા સુધી સેકંડ શિફ્ટમાં કામ કરુ તે પ્રકારની પરવાનગીની મને આપો તો સારું." મેં સાહેબને વિનંતી કરી. તેણે મને એમ કરવાની પરવાનગી આપી . આ રીતે તાતા કેમીકલ્સમાં મારી નોકરી અને મારું કોલેજ નું ભણવાનું બંને ચાલુ રહ્યું.

આ રીતે હું નોકરી કરતા કરતા પટેલ સાહેબ ની મહેરબાની થી હું ગ્રેજ્યુએટ થઈ શક્યો.

તાતા કેમીકલ્સમાં ટેસ્ટર તરીકે કઈ કોઈ વધારે મારી પ્રગતિ થઈ શકે તેવી વધુ શક્યતા ન હોવાને કારણે તેણે મને ગ્રેજ્યુએટ થયા પછી મીઠાપુર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જવા માટેની પ્રેરણા આપી.

હું મીઠાપુર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયો,અને ત્યાંજ નિવૃત થયો.

આજે આટલા વર્ષો પછી પણ શ્રી ઠાકોરભાઈનો મારો તરફનો પ્રેમ તે અસાધારણ છે. તે અમેરિકા હોવા છતાં પણ આજે અમે વારંવાર એકબીજાના સંપર્કમાં છીએ અને તેમના આશીર્વાદથી આજે ઘણું સારું છે એમ કહું તો પણ કંઈ ખોટું નથી ઈશ્વરે નિસ્વાર્થ પ્રેમના સંબંધો બાંધી અને જકડી રાખ્યા છે.

એ માટે ભગવાન દ્વારકાધીશનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

રતીલાલ વાયડા,નવી મુંબઈ,

# સત્યની આંખે ( ભાગ- ૧૦ )




## સૂર્યદેવ ને દરરોજ વહેલી સવારે જળ કેમ અપેણ કરવું જોઈએ???

હિન્દુ ધર્મમાં સૂર્યની પૂજાનું વિશેષ મહત્વ છે. સૂર્ય ભગવાનને જળ અર્પણ કરીને અને મંત્રોચ્ચાર કરીને તેમના આશીર્વાદ મેળવી શકાય છે.

ભગવાન સૂર્ય પ્રત્યક્ષ દેવ છે. રોજ સવારમાં સૂર્યનારાયણ દેવ આકાશમાં પોતાના પ્રકાશનો ઉજાસ પાથરે એટલે સૂર્યને અર્ઘ્ય આપવાની સાથે આપણા દિવસની શરૂઆત થાય છે. પ્રાચીન સમયના લોકો રોજ સવારે સૂર્યોદય પહેલા ઉઠીને સ્નાન આદી કાર્ય પૂર્ણ કરીને જેવો સૂર્યોદય થાય કે તરત જ ભગવાન સૂર્યને અર્ઘ્ય આપતા.. રોજ સવારે સૂર્યદેવની પૂજા કરવાથી ઘર પરિવારને ખુશીઓ મળશે. સૂર્યદેવની કૃપા મેળવવા માટે રોજ સવારે સૂર્ય ઉગતા સમયે જળ અર્પણ કરવું જોઈએ.

સૂર્યોદય પહેલાં ઊઠી જવું જોઇએ. વૈદિકકાળથી સૂર્ય દેવતાની પૂજા અર્ચના કરવામાં આવે છે. સૂર્યએ બ્રહ્માંડનો સૌથી મોટો ગ્રહ છે. સૂર્ય દ્વારા જ પૃથ્વી ઉપર જીવન ટકી રહ્યું છે. તેથી સૂર્યની પૂજા કરવી અનિવાર્ય છે. ઘણા લોકો સૂર્યને જળ અર્પણ કરીને તેની પૂજા કરતા હોય છે.સૂર્યદેવને જળ ચઢાવવાનો સૌથી પહેલો નિયમ એ કે સૂર્યોદય થવાના એક કલાકની અંદર તેમને જળનુ અર્ઘ્ય આપવુ જોઈએ. કે પછી આ સમય સવારે ૮ વાગ્યા સુધીનો જ છે. નિયમિત ક્રિયાઓથી મુક્ત થઈને સ્નાન કર્યા બાદ જ જળ અપેણ કરવુ જોઈએ. સૂર્યને જળ અર્પણ કરતા પહેલા પાણીમાં લાલ ફૂલ, કુમકુમ અને ચોખા નાખીને જળ અર્પણ કરો. સૂર્યને જળ આપતી વખતે તમારુ મોઢુ પૂર્વ દિશા તરફ જ હોવુ જોઈએ. જો ક્યારેક પૂર્વ દિશા તરફ સૂર્ય ન દેખાય તો પણ એ જ દિશા તરફ મોઢુ કરીને સૂર્યદેવને જળ અર્પિત કરો. સૂર્યને જળ આપતી વખતે તમે તેમા ફુલ અને ચોખા મિક્સ કરી શકો છો. પગ સુધી પાણી ન પહોંચે તેનું ધ્યાન રાખવું જોઈએ. સાથે જ જો સૂર્ય મંત્રનો જાપ પણ કરતા રહીયે તો વિશેષ લાભ પ્રાપ્ત થાય છે. - લાલ વસ્ત્ર પહેરીને સૂર્યને જળ આપવુ વધુ પ્રભાવશાળી માનવામાં આવે છે. જળ અર્પિત કર્યા પછી ધૂપ અગરબત્તીથી પૂજા પણ કરવી જોઈએ. અર્ઘ્ય આપતી વખતે હાથ માથાથી ઉપર હોવો જોઈએ. આવુ કરવાથી સૂર્યના સાતેય કિરણો શરીર પર પડે છે. સૂર્ય દેવને જળ અર્પિત કરવાથી નવગ્રહની પણ કૃપા રહે છે. તમારા પર સૂર્યની કૃપા છે તો જીવન અને કામ કાજમાં આવનારા અવરોધો દૂર થાય છે. સાથે જ ધનની પ્રાપ્તિના યોગ પણ બને છે. - ગ્રહ દોષનો નકારાત્મક પ્રભાવ ઓછો થાય છે અને ઘરમાં સુખ શાંતિનુ વાતાવરણ કાયમ રહે છે. જેનાથી તમારો વેપાર અને કામકાજ સારો ચાલવા માંડે છે. આ ઉપરાંત સૂર્યને જળ આપવુ આરોગ્યની દ્રષ્ટિથી પણ લાભકારી છે. સૂર્યના કિરણોમાંથી મળનારી એનર્જી શરીર માટે ફાયદાકારક છે. સવારે સૂર્ય દર્શનથી વિટામિન ડી ની કમી થતી નથી. આ વિટામિન આપણા શરીરની કાર્યપ્રણાલીને યોગ્ય રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

સૂર્યને જળ અર્પણ કરવા માટે તાંબાના લોટાનો ઉપયોગ કરવો જોઇએ. સૂર્ય માટે રવિવારે ગોળનું દાન કરવું જોઈએ. જળ ચઢાવતી વખતે સૂર્ય મંત્ર, ૐ સૂર્યાય નમઃ ૐ આદિત્યાય નમઃ ૐ ભાસ્કરાય નમ વગેરે મંત્રોનો જાપ કરતા રહેવું જોઈએ.

મીનાક્ષી રાવલ,ગાંધીનગર

# વડોદરામાં લોટરીના નામે યુવકને ઠગ્યો, બહાના બતાવી રૂપિયા બેંકમાં ટ્રાન્સફર કરાવ્યા

વડોદરા,તા.૧૧

વડોદરા શહેરના વાડી વિસ્તારમાં એક યુવકને લોટરી લાગી હોવાનું કહી અને ઠગ્યો હતો. શહેરના વાડી વિસ્તારમાં વુડાના મકાન માં રહેતો અને રસ નો કોલુ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો શ્રમજીવી યુવકને થોડા દિવસ પહેલાં જ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો કે તમે કોન બનેગા કરોડપતિમાં તમારો નંબર સિલેક્ટ થયો છે અને ૨૫ લાખ રૂપિયાની લોટરી લાગી છે. ત્યારબાદ છેતરપિંડી કરતી ગેંગ દ્વારા ૨૫ લાખની રકમ લેવા માટે યુવકને અલગ અલગ બહાના બતાવી રૂપિયા બેંકમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. વાડી વિસ્તારમાં રહેતો શ્રમજીવીને થોડા દિવસ પહેલાં અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને તેમાં કોન બનેગા કરોડપતિમાં લોટરી લાગી હોવાનું જણાવી અલગ-અલગ બહાના હેઠળ શ્રમજીવી પાસેથી ૨.૭૭ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી જે મામલે શ્રમજીવીની ફરિયાદના આધારે સાઈબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરી બે આરોપીઓની અટકાયત કરી હતી

જો તમે સપનામાં વિચાર આવે કે તમને લોટરી લાગી છે તો તમારી હાલત ક્યાં પ્રકારની થાય આ જ પ્રકારનો કિસ્સો બન્યો છે વડોદરા શહેરના વાડી વિસ્તારમાં વુડાના મકાન માં રહેતો અને રસ નો કોલુ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતો શ્રમજીવી યુવક ને થોડા દિવસ પહેલાં જ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો કે તમે કોન બનેગા કરોડપતિમાં તમારો નંબર સિલેક્ટ થયો છે અને ૨૫ લાખ રૂપિયાની લોટરી લાગી છે જે સાંભળી શ્રમજીવી યુવક ધોળે દિવસે લાખો પતિ થયો હોવાના સપનામાં ખોવાઈ ગયો હતો. પરંતુ તેના સપના પર પાણી ફરી જશે તેવી તેના સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.યુવકને ખબર ન હતી કે તે કોઈ ગેંગની છેતરપિંડીનો ભોગ બની રહ્યો છે અને થયું પણ એવું જ છેતરપિંડી કરતી ગેંગ દ્વારા ૨૫ લાખની રકમ લેવા માટે તેને અલગ અલગ બહાના બતાવી રૂપિયા બેંકમાં ટ્રાન્સફર કરાવ્યા હતા.



ગુજરાતી સમાજનું પ્રતિનિધિમંડળ જમીન ફાળવણી માટે યુઆઈટીના સેક્રેટરી આદરણીય બાલમુકંદ અસાવાને મળ્યા હતા અને તેમણે ખાતરી આપી હતી કે આ અંગે હું જે કંઈ કરી શકું તે મદદ કરીશ. ગુજરાતી સમાજ ના પ્રતિનિધિ મંડળ માં અધ્યક્ષ રાજેશ ભાઈ મેહતા, સચિવ દિનેશ ભાઈ પટેલ, ટ્રસ્ટ બોર્ડ ના ઉપાધ્યક્ષ નાનજીભાઈ પટેલ ટ્રસ્ટ બોર્ડના સેક્રેટરી રમેશભાઈ પટેલ એમનું ઉપરણા ઓઢાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

## રાજકોટમાં ભાજપ આગેવાનના ઘરમાં વીજચોરી ઝડપાઈ

# પીજીવીસીએલના કર્મચારીઓએ જ્યારે વીજચોરી પકડી પાડી ત્યારે તેમની ઉપર હુમલો

### હું જ્યારે ઘટના સ્થળ પર પહોંચ્યો ત્યારે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. ઝપાઝપી કર્તા વ્યક્તિઓને મેં માત્ર છોડાવવાનો પ્રયાસ કર્યો છે.: ધીરૂભાઈ

રાજકોટ,તા.૧૧

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મોવિયા ગામે ભાજપના જ આગેવાન ધીરુભાઈ તળપદા દ્વારા વીજ ચોરી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેમજ પીજીવીસીએલના કર્મચારીઓએ જ્યારે વીજચોરી પકડી પાડી ત્યારે તેમની ઉપર હુમલો પણ કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે પડધરી પોલીસ સ્ટેશન ખાતે ડેપ્યુટી ઈજનેર ભાર્ગવ પુરોહિત પર થયેલા હુમલા મામલે ફરિયાદ નોંધવામાં આવી રહી છે. ત્યારે ફરિયાદ નોંધવામાં રાજકીય હસ્તક્ષેપ જિલ્લા ભાજપ નેતાઓ દ્વારા કરવામાં આવશે કે કેમ તે જોવું અતિ મહત્ત્વનું બની રહેશે.

જુનિયર ઈજનેર પી.એસ.યાદવે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આજ રોજ અમારી પીજીવીસીએલ હેડ



ઓફિસ ખાતે સૂચના મળી હતી કે, પડધરી તાલુકાના મોવિયા ગામે ચેકિંગ ડ્રાઈવ યોજવાની છે. જે અંતર્ગત આજ રોજ અમે સવારના ૮:૩૦ વાગ્યા આસપાસ ચેકીંગ અર્થે પહોંચ્યા હતા. ત્યારબાદ મોવીયા ગામના મુખીયા ધીરુભાઈ તળપદાના ઘરમાં તેમજ તેમના પેવર બ્લોકના પ્લાન્ટમાં વીજચોરી સ્પષ્ટપણે ઝડપાઈ હતી. ત્યારે તે બાબતે અમે વધુ કાર્યવાહી કરે તે પૂર્વે જ ભાર્ગવ પુરોહિત અને તેમના સાથી કર્મીઓ પર ધીરુભાઈ તળપદા તેમજ ૪૦ જેટલા માણસોના ટોળાએ હુમલો કર્યો હતો.જે હુમલામાં ડેપ્યુટી ઈજનેર ભાર્ગવ પુરોહિતને આંખના ભાગે તેમજ માથાના ભાગે અને મૂઢ માર પણ અન્ય જગ્યાએ લાગેલો છે. જેના કારણે તાત્કાલિક અસરથી તેમને સારવાર અર્થે રાજકોટ શહેરની વોકહાર્ટ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મોવિયા ગામે જે પ્રમાણે પીજીવીસીએલના કર્મચારીઓ પર હુમલાની ઘટના સામે આવી છે તે અંગે પીજીવીસીએલના એમડી વરણ કુમાર બરનવાલે જણાવ્યું છે કે, સમગ્ર ઘટનાની જાણ થતા મેં રાજકોટ જિલ્લાના એસપી સાથે વાતચીત કરી છે. ઘટના અંગે તેઓ દ્વારા પડધરી પોલીસને ગુનો નોંધવા માટે તેમજ ગુનેગારોને તાત્કાલિક અસરથી ઝડપી પાડવા માટે સુચના આપવામાં આવી છે.ભારતીય જનતા પાર્ટીના આગેવાન ધીરુભાઈ તળપદા પર પીજીવીસીએલના કર્મચારીઓએ એક તરફથી હુમલો કર્યાના આક્ષેપો કર્યા છે. ત્યારે બીજી તરફ મીડિયા સાથેની ટેલિફોનિક વાતચીતમાં ધીરુભાઈ તળપદાએ પોતાની પર લગાવેલા આક્ષેપોને નકારી કાઢ્યા છે. મીડિયા સાથેની વાતચીતમાં ધીરુભાઈ તળપદા જણાવ્યું છે કે હું જ્યારે ઘટના સ્થળ પર પહોંચ્યો ત્યારે ઝપાઝપીના દ્રશ્યો સર્જાયા હતા. ઝપાઝપી કર્તા વ્યક્તિઓને મેં માત્ર છોડાવવાનો પ્રયાસ કર્યો છે. મેં કોઈ પણ વ્યક્તિ પર હુમલો કર્યો નથી.

# અમદાવાદ આર.ટી.ઓ. માં મોટરકારની નવી સિરિઝ GJ-27 DV અને GJ-27EB માટે ઈ-ઓક્શન

આર.ટી.ઓ. અમદાવાદ દ્વારા લાગતા વળગતા તમામ વાહનોના માલિકોને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં મોટરકારના નંબરોને લગતી હાલની સીરીઝ GJ -27 DV માટે સિલ્વર અને ગોલ્ડન નંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે ઓનલાઇન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. તા.૨૩/૦૫/૨૦૨૨ થી તા.૨૫/૦૫/૨૦૨૨ સુધી ઓનલાઇન નંબર રજિસ્ટ્રેશન કરાવવાનો રહેશે. વાહન માલિકો તેમના વાહનનું રજિસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/parivahan પર રજિસ્ટ્રેશન કરી ઈ-ઓક્શનમાં ભાગ લઈ શકશે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવીને ઑનલાઈન સી એન એ ફોર્મ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ તા. ૨૬ અને મે -૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.

તા.૨૮ મે ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનના ફોર્મ અત્રેની કચેરીમાં જમા કરાવવાના રહેશે. સફળ ઉમેદવારોએ વધારાની ભરવાની બીડીંગની રકમ પણ પાંચ દિવસમાં જમા કરાવવાની રહેશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ૧૨ સાયન્સ- ગુજકેટની પરીક્ષાના પરિણામ તારીખ ૧૨/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રસિદ્ધ થશે

અમદાવાદ,તા.૧૧

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રાજ્યભરમાંથી ૯૫,૯૮૨ રેગ્યુલર તેમજ ૧૧,૯૮૪ રિપીટર વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા હતા. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રાવાહની ૮ એપ્રિલે પરીક્ષાઓ પૂર્ણ થઈ હતી. ત્યારે ૧૮ એપ્રિલે રાજ્યભરમાં ગુજકેટની પરીક્ષા યોજાઈ હતી. ધોરણ- ૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ-એપ્રિલ ૨૦૨૨ માં લેવાયેલ પરીક્ષા અને ગુજકેટ- ૨૦૨૨ નું પરિણામ તારીખ ૧૨/૦૫/૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ધોરણ ૧૨ સાયન્સ બાદ ડિગ્રી એન્જીનીયરીંગ તેમજ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ગુજકેટની પરીક્ષા ફરજિયાત છે. ગુજકેટ ૨૦૨૨ ની પરીક્ષા સાયન્સના એ, બી અને એબી ગ્રુપના વિદ્યાર્થીઓએ આપી હતી. રાજ્યભરમાં ૫,૪૬૧ બ્લોકમાં યોજાનાર પરિક્ષામાં ૧,૦૭,૬૯૪ વિદ્યાર્થીઓ પરિક્ષા માટે નોંધાયાં હતા. અમદાવાદ શહેરના ૯,૧૮૯ જયારે અમદાવાદ ગ્રામ્યના ૪,૯૮૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુજકેટમાં ભૌતિક, રસાયણ, જીવ વિજ્ઞાન અને ગણિતના વિષયના પ્રશ્નો પૂછવામાં આવતા હોય છે.

# ઉત્તર ગુજરાતની ૩૧.૮૦ ટકા યુવતીનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થઈ જાય છે

મહેસાણા,તા.૧૧

ઉત્તર ગુજરાતની પોલિટિકલ લેબ ગણાતા મહેસાણામાં બાળ લગ્નનું પ્રમાણ ૩૨.૩૦ ટકા જોવા મળી રહ્યું છે. નેશનલ ફેમિલી હેલ્થના વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૧ ના સર્વેમાં આ ચોંકાવનારું તારણ સામે આવ્યું છે. સર્વે પ્રમાણે ઉત્તર ગુજરાતની ૩૧.૮૦ ટકા યુવતીનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થઈ જાય છે. તો બીજી તરફ ઉત્તર ગુજરાતમાં તમાકું અને દારુના સેવનાના પણ ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે.

નેશનલ ફેમિલી હેલ્થ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા સર્વેમાં ઉત્તર ગુજરાતના ૪૪૨૫ ઘર સાથે ૫૦૩૯ મહિલાઓ અને ૮૦૧ પુરૂષોને આવરી લેવામાં આવ્યાં હતા. જેમાં ૨૦ થી ૨૪ વર્ષની પરિણીતાઓના સર્વેના તારણ મુજબ ઉત્તર ગુજરાતની ૩૧.૮૦ ટકા યુવતીઓનાં લગ્ન ૧૮ વર્ષ પહેલાં થઈ જાય છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા પ્રમાણે સ્થિતિ જોઈએ તો બનાસકાંઠામાં ૩૭.૩૦ ટકા, પાટણમાં ૩૫.૪૦ ટકા, મહેસાણામાં ૩૨.૩૦ ટકા, સાબરકાંઠામાં ૨૭ ટકા અને અરવલ્લીમાં ૨૭ ટકા મહિલાઓ એવી છે કે જેમનાં લગ્ન ૧૮ વર્ષથી નાની વયે થઈ જાય છે.

આ ઉપરાંત ઉત્તર ગુજરાતમાં ૧૫ વર્ષ કે તેથી વધુ વયના મહિલા પુરૂષના સર્વેમાં ૩૯.૩૪ ટકા પુરૂષ અને ૭.૭૦ ટકા મહિલાઓ તમાકુનું વ્યસન કરી રહી છે. જ્યારે ૪.૮૮ ટકા પુરૂષ અને ૦.૨૬ ટકા મહિલા દારુનું સેવન કરતી હોવાનું પણ અહેવાલમાં સામે આવ્યું છે.

# તાપી તાલુકા પંચાયતની ઓફિસમાં પત્નીને સળગાવીને શિક્ષક પતિએ પણ આગચાંપીને આપઘાત કર્યો

તાપી,તા.૧૧

વાલોડ તાલુકાની પંચાયત કચેરીમાં એક ગમખ્વાર ઘટના ઘટી છે. જેમા મનરેગા વિભાગમાં ઓપરેટર તરીકે ફરજ બજાવતા ૪૦ વર્ષના મયુરિકા પટેલને તેમના જ ૪૧ વર્ષના પતિ અમિત પટેલે સળગાવી દીધા હતા. જે બાદ પોતાના શરીર પર પણ આગચંપીને આત્મહત્યા કરી હતી. નોંધનીય છે કે, પતિ પત્ની વચ્ચે ઘણા સમયથી ઝઘડો ચાલી રહ્યો હતો. જેના કારણે તેઓ છેલ્લા ઘણાં સમયથી અલગ રહેતા હતા. આ દંપતીના મોત કચેરીની બાલ્કનીમાં જ થયા હતા. જેના કારણે આખી કચેરીમાં ચકચાર મચી ગઈ હતી.

સુત્રોના જણાવ્યા અનુસાર શિક્ષક પતિએ પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખી પોતાના શરીરે કોઈ જ્વલંનશીલ પ્રદાર્થ નાખી આગ ચાંપી પત્નીને પણ આગચાંપી હત્યા કરી પોતે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સમગ્ર મામલે પોલીસે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.



આ અંગે મળતી માહિતી પ્રમાણે, અમિત પટેલ ઉચ્છલની ગવાણ પ્રાથમિક શાળામાં શિક્ષક છે. મંગળવારે બપોરે ઓફિસમાં ૩ વાગ્યાની આસપાસ મયુરિકાબેન કચેરીમાં હતા. ત્યારે જ પતિ બપોરે કચેરીમાં પ્રથમ માળે આવેલી મનરેગા ઓફિસમાં ફરજ બજાવતી પત્ની મયુરીકા પાસે આવ્યા હતા. આ દરમિયાન જ્વલનશીલ પદાર્થની બોટલ કાઢી પ્રથમ પત્ની પર છાંટયા બાદ પોતાના પર પણ જ્વલનશીલ પદાર્થ નાખ્યું હતું. મયુરીકાએ ભાગવાનો પ્રયાસ કરતા પતિએ દોડીને આગ લગાવી દીધી હતી. મયુરીકાએ ભાગવાનો પ્રયાસ કરતા તે કચેરીની બાલ્કનીમાં આવી ગયા હતા. તેની પાછળ પતિ પણ સળગતી હાલતમાં ભાગતો બહાર આવ્યો હતો અને બંનેના સ્થળ પર જ મોત થઈ ગયા હતા.

નોંધનીય છે કે, મયુરિકા અને અમિતના લગ્ન ૨૦૦૪માં થયા હતા. તેમને સંતાનમાં એક પુત્ર મનન છે. જેણે હાલમાં જ ધોરણ ૧૨ની પરીક્ષા આપી છે. આજે બનેલી આ ઘટનાને કારણે મનને માતા પિતા બંનેની છત્રછાયા ગુમાવી છે. ઘટનાની જાણ થતા પુત્ર મનન વાલોડ તાલુકા પંચાયત કચેરી ખાતે ઘટના સ્થળ પર આવ્યો હતો. પરંતુ માતા પિતાની લાશ જોઈને તે સ્થળ પર જ બેભાન થઈ ગયો હતો. જેથી તેને તાત્કાલિક વાલોડ ખાતે હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવો પડ્યો હતો.

તાલુકા પંચાયત કચેરીના ઉપરના મળે આગ લાગી હોવાની જાણ થતા કચેરીના કર્મચારીઓમાં અફરાતફરી મચી જવા પામી હતી. તેઓએ અગનજવાળામાં લપેટાયેલ મયુરિકા પટેલને બચાવવા પોતાની જાનની પરવાહ કર્યા વિના અગ્નિશામક બોટલો લઈ દોડી આવ્યાં હતાં. મયુરિકાને બચાવવા અગ્નિ શામકથી આગ ઓલવવાની કોશિશ કરી હતી. ત્યારે અચાનક અમિત પણ સળગતી હાલતમાં કર્મચારીઓ સામે આવતા બચાવ કરવા મુશ્કેલ બન્યો હતા. હિંમત નહિ હારીને છેલ્લે સુધી પ્રયાસ કર્યો હતો.

## રાજ્યમાં ૬ હજાર કરોડના કોલસા કૌભાંડની તપાસ સીઆઇડીને સોંપાઇ

ગાંધીનગર,તા.૧૧

ગુજરાતમાં ૬ હજાર કરોડના કોલસા કૌભાંડ થયો હતો તે અંગે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે, કૌભાંડની તપાસ સીઆઈડીને સોપવામાં આવી છે, આકૌભાડના લીધે રાજ્ય સરકારની છબી ખરડાઇ છે,છબીને સુધારવા માટે સરકારે આ નિર્ણય લીધો છે.આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં કોલસા કૌભાંડ મુદ્દો ન બને તે માટે સરકાર સક્રીય થઇ છે અને આ મામલાની તપાસ સીઆઇડીને સોંપવામાં આવી છે. આ કૌભાંડમાં એક આઇએએસની ભૂમિકા પણ શંકાસ્પદ છે, આ ઉપરાંત ઉધોગ કમિશનરની કચેરીની ભૂમિકા પણ તપાસવામાં આવશે, આ સાથે રાજકીય નેતા અને અધિકારીઓની પણ ભૂમિકાની પણ તપાસ કરાશે, આ મામલે સીઆઈડી વહેંલી તકે તપાસ કરશે અને ધમધમાટ બોલાવશે, આવનાર દિવસોમાં કૌભાંડની સત્યતા બહાર આવશે.

ઉલ્લેખનીય છે કે કોલઈન્ડિયાની વિવિધ કોલસાની ખાણોમાંથી નીકળતો કોલસો ગુજરાતના લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને આપવાને બદલે ગુજરાત સરકાર દ્વારા નામાંકિત કરાયેલી એજન્સીઓ બારોબાર અન્ય રાજ્યોના ઉદ્યોગોને વેચી દે છે અને તગડો નફો કમાઈ લે છે. છેલ્લાં ૧૪ વર્ષથી આ રીતે આવતો કોલસો આ એજન્સીઓએ કાળાબજારીમાં વેચી દઈ ૬ હજાર કરોડ રૂપિયા સુધીનું કૌભાંડ આચર્યું છે.

# વડાપ્રધાનની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીના હસ્તે ભરૂચમાં ૧૩ હજાર લાભાર્થીઓને લાભોનું વિતરણ કરાશે

ભરૂચ,તા.૧૧

વડાપ્રધાનીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે આજે તા.૧૨મી મે ના રોજ ભરૂચ ખાતે ૧૩ હજાર લાભાર્થીઓને વિવિધ લાભોનું વિતરણ કરાશે. ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલી ઉત્કર્ષ પહેલ અંતર્ગત ગંગા સ્વરૂપા બહેનોને રાજ્ય સરકારની નાણાંકીય સહાય માટે કાર્યરત યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના, નિરાધાર વૃદ્ધ નાણાંકીય સહાય યોજના અને રાષ્ટ્રીય પરિવાર સહાય યોજનાના સો ટકા લાભાર્થીઓને લાભોનું વિતરણ કરશે.

જિલ્લા વહીવટીતંત્ર- ભરૂચ અને અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના ઉપક્રમે ભરૂચ જિલ્લાના ભોલાવના દૂધધારા ડેરી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા કાર્યક્રમ અંતર્ગત જિલ્લા વહીવટી તંત્રની ઉત્કર્ષ પહેલ હેઠળ ગંગા સ્વરૂપા બહેનોને રાજ્ય સરકારની નાણાંકીય સહાય માટે કાર્યરત યોજના, રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના, નિરાધાર વૃદ્ધ નાણાંકીય સહાય યોજના અને રાષ્ટ્રીય પરિવાર સહાય યોજનામાં દેશમાં સૌપ્રથમ વખત ૧૦૦ ટકા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. આ યોજનાના લાભાર્થીઓ સાથે વડાપ્રધાનશ્રી સંવાદ પણ કરવાના છે.

# ચાણસ્મા સહિત પંથકમાં અસહ્ય ગરમીથી કરફ્યુ જેવો માહોલ



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સમગ્ર પાટણ જિલ્લા સહિત તાલુકાઓમાં પણ ગરમીનું પ્રમાણ દિન-પ્રતિદિન કૂદકે ને ભૂસકે વધતા જનજીવન ખોરવાયું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે આજરોજ ૪૬ ડિગ્રી તાપમાન નોંધાતા સમગ્ર ચાણસ્મા શહેર ની અંદર જાણે કર્ફ્યુ હોય તેઓ માહોલ સર્જાયો હતો

ગરમી એ પોતાનો મિજાજ બતાવવાનું ફરીથી શરૂ કર્યું છે ત્યારે આજ રોજ બુધવારના દિવસે ચાણસ્મા ખાતે ૪૬ ડીગ્રી ગરમી પહોંચતા સાતમા આસમાને પહોંચી હોય તેવું લાગી રહ્યું છે ત્યારે સમગ્ર ચાણસ્મા પંથક ના લોકો શહેરની અંદર ખરીદી કરવા આવતા પણ ગરમીથી બચવા ઠંડા પીણા નો તેમજ લીલા વૃક્ષોનો સહારો લઈ રહ્યા છે તેમજ પશુ પક્ષીઓ પણ ગરમીથી અસહ્ય યાતના ભોગવી રહ્યા હોય તેવા દ્રશ્યો દેખાઈ રહ્યા છે

# અમદાવાદમાં રેકોર્ડ ૪૭ ડીગ્રી, રાજ્યનાં ૧૩ શહેરમાં તાપમાનનો પારો ૪૬ ડીગ્રીને પાર

અમદાવાદ,તા.૧૧

ગુજરાત આ ઉનાળે રીતસર અગનભઠ્ઠી બની ગયું છે અને અમદાવાદમાં આજે તાપમાન ૪૭ ડીગ્રીને પાર થઈ ગયું છે. હજી પણ આવતીકાલે પારો ૪૮ ડીગ્રીએ પહોંચશે તો ૧૦૦ વર્ષનો રેકોર્ડ તૂટશે. બીજી તરફ, રાજ્યનાં ૧૩ શહેરમાં તાપમાન આજે રેકોર્ડ ૪૬ને પાર થઈ ગયું છે અને આ ગરમીથી બચવા ક્યાં જવું અને શું કરવું એ લોકો વિચારતા થઈ ગયા છે. હજી પણ ચાર દિવસ સુધી આવી ગરમી બાદ આંશિક રાહત મળે એવી હવામાન વિભાગની આગાહી છે.



અમદાવાદમાં આજે સવારે ૮ વાગ્યે જાણે ૧૧ વાગ્યા હોય એવી ગરમી શરૂ થઈ ગઈ હતી, જ્યારે બપોરે ૨ વાગતા સુધી તો ગરમી પીક પર પહોંચી ગઈ હતી અને ૪૭ ડીગ્રી સેલ્સિયસની સર્વોચ્ચ સપાટી દેખાડી દીધી હતી. આ સ્થિતિમાં મોડી સાંજ સુધી ગરમીનો પ્રકોપ યથાવત્ રહે એવી પૂરેપૂરી શક્યતા છે. હજી પણ આવતીકાલે આ રીતે જ ભીષણ ગરમી ચાલુ રહે તો નવાઈ નહીં. બેકાબૂ સૂર્યપ્રકોપને જોતાં હવામાન વિભાગે અમદાવાદમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. અમદાવાદ સિવાય વડોદરામાં ૪૫, મહેસાણા-હિંમતનગરમાં ૪૫, ગોધરા-ખેડબ્રહ્માામાં ૪૫, નડિયાદ ૪૫, ધોળકામાં ૪૫, ભાવનગર-અમરેલીમાં ૪૩ અને રાજકોટ જૂનાગઢમાં ૪૨ ડીગ્રી તાપમાન નોંધાયું છે. રવિવારથી ઉત્તર-પશ્ચિમના પવન શરૂ થયો હતો, જેની અસરથી રવિવારથી ગરમીનો પારો અચાનક વધ્યો છે. બંગાળની ખાડીમાં એક લો-પ્રેશર રચાયું છે, લો-પ્રેશરની અસરથી હાલમાં પવનની પેટર્ન એ રીતની થઈ છે કે રણ-સૂકા પ્રદેશના ઉત્તર અને ઉત્તર-પશ્ચિમના પવનો ખેંચાઇને નીચે થઇને બંગાળની ખાડીમાં જાય છે, જેથી રવિવારથી ગુજરાત-અમદાવાદ પર ગરમ પવનોનો મારો ચાલુ થયો છે, જેને કારણે પાકિસ્તાન, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના મેદાની વિસ્તારોમાં હીટવેવથી ગરમીનો પારો વધ્યો છે.

# સોમનાથ મંદિર ખાતે ૭૨ માં સ્થાપના દિનની વિશેષ ઉજવણી કરવામાં આવી

સોમનાથ,તા.૧૧

સોમનાથ મહાદેવની પ્રાણપ્રતિષ્ઠા દિન ૧૧ મે ૧૯૫૧ માં અખંડ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્રપ્રસાદના હસ્તે સવારે ૯ કલાક અને ૪૬ મિનિટે કરવામાં આવેલ હતી. દેશ વિદેશમાં વસતા શિવભક્તો ની આસ્થા નું કેન્દ્ર અને સૌરાષ્ટ્ર ના રત્નાકર સમુદ્ર તટ પર બિરાજમાન આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરનો આજે તારીખ પ્રમાણે આજરોજ ૭૨ મો પ્રાણપ્રતિષ્ઠા દિવસ છે. ૧૧ મે ૧૯૫૧, ના ના સવારે ૯ કલાક ૪૬ મીનીટે ભારતના મહામહિમ પ્રથમ રાષ્ટ્રપતિ ડોકટર રાજેન્દ્રપ્રસાદના શુભહસ્તે હાલના જ્યોર્તિલિંગની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી.

આ દિવ્ય પ્રસંગના પ્રસંગ સાક્ષી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જે.ડી.પરમાર કહે છે કેઃ પ્રતિષ્ઠા સમયે તત્કાલીન રાષ્ટ્રપતિશ્રીએ શિવલિંગના તળ ભાગે રાખેલી સુર્વણ શલાકા ખસેડીને શિવલિંગ સ્થાપિત કરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ત્યારે પવિત્ર ૧૦૮ તીર્થસ્થાનોના અને સાત સમુદ્રોના જળથી શિવલિંગનો અભિષેક કરવામાં આવ્યો હતો અને એ ધન્ય પળે ૧૦૧ તોપોના ગગનભેદી નાદ સાથે મંદિરમાં ઘંટનાદ થયો હતો. શિવપ્રસાદ નિર્માણના અધિકૃત ગ્રંથ દીપાર્ણવમાં ઉલ્લેખ છે, કે આવુ શિવલિંગ સર્વલિંગોમાં શ્રેષ્ઠ છે. ગર્ભગૃહ સુર્વણથી મઢેલ છે અને દ્વારો-દ્વારશાખ તથા આગળના સ્થંભો સુર્વણ મઢેલા છે મંદિરના સાત માળ છે. સોમનાથ મંદિર નિર્માણ સદીની મોટી ઘટના ઈતિહાસમાં નોંધાઈ છે. ૮૦૦ વર્ષ પછી નાગરશૈલી મા નિર્માણ પામનાર આ પ્રથમ દેવાલય છે, જેને કૈલાશ મહામેરૂ પ્રાસાદ થી પણ પ્રચલિત છે. પ્રાચીન યુગથી વર્તમાન યુગ સુધી વારંવાર આક્રમણ- વિસર્જન- સર્જન-આસ્થા- રાજવીઓ શહિદોના સમર્પણ અને શિલ્પકલાનું બેનમુન શિવાલય અને સરદાર વલ્લભભાઈ પટેલના પ્રદાનનુ જીવંત સાક્ષી આ શિવાલય દર્શન પૂજાવિધીથી વર્તમાન યુગમાં દેશવિશ્વમાં સાત સમંદર પાર ઓનલાઈન-સોશ્યલ મીડીયા માધ્યમથી પહોંચે છે. આજે શ્રી સોમનાથ મંદિર ના ૭૨‘ માં સ્થાપના દિવસ નિમિત્તે સરદાર વંદના અને સરદાર શ્રી ને પૂષ્પાજલી અર્પણ કરવામાં આવેલ, ૭૧ વર્ષ પૂર્વે સવારે ૯:૪૬ એ મહાપૂજા કરવામાં આવેલ, એ જ સમયે અને તે પ્રસંગે કરવામાં આવેલ શૃંગાર ની પ્રતિકૃતિ રૂપ શૃંગાર મુખ્ય પૂજારીશ્રી દ્વારા કરવામાં આવેલ, આ પ્રસંગે ટ્રસ્ટના અધિકારી અને કર્મચારીઓ તથા સ્થાનિક તિર્થ પુરોહિતો જોડાયા હતાં?, સાંજે સોમનાથ મહાદેવ ને વિશેષ શૃંગાર અને દિપમાલા કરવામાં આવશે.

હાલ મંદિર ને ૭૧ વર્ષ પુર્ણ થયા છે, મંદિર ના નૃત્યમંડપ અને સભામંડપ આવેલ સુવર્ણકળશ યજમાનશ્રીઓ ના અનુદાન થી સુવર્ણ મંડિત થયા છે. સોમનાથ મંદિર એ સંદેશ આપે છે કે ‘વિનાશક શક્તિ પર હંમેશા સર્જનાત્મક શક્તિ નો વિજય થાય છે,જે આ રીતે ભવ્ય હોય છે.‘

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.